બાદશાહી ગાયનમાળા.



સુરતવાલા એમ. બી. વ્યાસની છપાવેલી

બોલતી ફોનોગ્રાફ

—: ઉર્ફે :—

બાદશાહી ગાયનમાળા

ભાગ ૧ થી ૨૪

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—

બુકશેલર મણીલાલ ભાઈશંકર વ્યાસ.

૭૦ સ્ટેશન રોડ,

વીનસ સીનેમા પાસે—સુરત.

આવૃત્તિ ૨ જી. સને ૧૯૨૮.

સુરત—બરાનપુરી ભાગળ પર આવેલા શ્રી "મોઢેશ્વર" પ્રિ. પ્રેસમાં મણીલાલ ભગવાનદાસે છાપી.

કીમત ૧૨ આના.

૧૪૩૭૯

—સંત મંડળ માટે ભજનની બુકો—

તૈયાર છે ?

સુરતવાલા એમ. બી. વ્યાસની છપાવેલી
તદ્દન નવીન ભજનની બુકો

સંત સમાજ ભજનાવળી.

ભજન ભંડાર.

ભજન સાગર.

પારસમણી ભજન સંગ્રહ.

ઉપર મુજબ ચાર નામવાલી ભજનની બુકો તદ્દન નવીન છપાઇ બહાર પડી છે. આ બુકોની અંદર સંત મંડળમાં ગવાતાં પ્રખ્યાત ભજન, આરતી, થાળ, ધોળ, ઇશ્વરસ્તુતી તથા એકતાળી ભજન અને અમદાવાદ, મુંબાઇ તથા ડાકોરની બેઠકનાં પ્રખ્યાત થએલાં મહાન ભકતોનાં ઓચ્છવનાં ઊભાં ભજનોનો અમુલ્ય સંગ્રહ કરવામાં આવ્યો છે. માટે દરેક સંત મંડળના ગ્રાહકોને ખરીદ કરવા ભલામણ કરીએ છીએ. કીંમત આઠ આના.

બુકસેલર મણીલાલ ભાઈશંકર વ્યાસ.

ઠેકાણું—વીનસ સીનેમા પાસે, સુરત.

સુરતવાલા એમ. બી. વ્યાસની છપાવેલી

બોલતી ફોનોગ્રાફ

—:: ઉર્ફે ::—

બાદશાહી ગાયનમાળા.

સંસાર સાગર—

હુ તો નાઝુક તબીયત વાળી, મારી તબીયતને સાચવજો,
મારા મિજાજને સંભાળી, મારી તબીયતને સાચવજો.
મમ્માની માનીતી હું છું, પપ્પાને બહુ પ્યારી,
વાત કરે કોઇ ગુસ્સે થઇ તો, ધડકે છાતી મારી.
ઉઠી સવારે આઠ વાગતાં, તરતજ ચા પીનારી,
લેટ થાય જો મીનીટ એક તો, તબીયત જાશે મારી.

સંસાર સાગર—

ઘરને સંભાળી રાખતાં, વાડી જતી રહી;
લટકાળીને લોભાવતાં, લાડી જતી રહી.
સીધી સડક જતો હતો, ત્યાં થાંભલો નડયો,
મોટર અમારા પ્રેમની, આડી જતી રહી.
જાવું હતું દાદર ઉપર, પણ ભાન ન રહ્યું,
એ મોહમાં માહીમની, ખાડી જતી રહી.

સંસાર સાગર—

જવાની રાતે રીસાઇ બેઠા, મનાવા ગઇ તો કહે કે ઉંહું;
પૂછ્યું મેં છે કાંઇ ગુન્હો અમારો, કહોને કંઇ તો કહે કે ઉંહું.
ગુલાબ ડોલર ગુંથીને લાવી, પૂછ્યું કે એમા ગમે શું તમને?
નયન નચાવી જરાક હાંસી કરી મેં, ત્યાં તો કહે કે ઉંહું.
હું યે તોફાની ને એ હઠીલા, નમ્યું ન એમાં એકેય આપે;
હૃદય કહે કે કલહ તજી દ્યો, હઠીલી જીભે કહ્યું કે ઉંહું.
મને રડાવી રડયા હતા એ, હસ્યા હસાવ્યા વિના સિધાવ્યા;
પછી મેં કાગળ લખ્યો ક્ષમાનો, જવાબમાં એ લખે છે ઉંહું.

સંસાર સાગર—

નૉનસેન્સ, એક ડગલું કેમ ભરાય?
આ ટેન્ડર પગ લચકાય,
મુવા શોફરને શું થાય?
સ્કુલટાઇમ તો થયો છે ઓવર,
મોટર નવ દેખાય.

પ્રેકટીસ વીણ કેમ ચલાય? નહીં એડીકેટ સચવાય;
અમ્બ્રેલા તો લાવી નથી, આ તડકો કેમ સ્હેવાય?
સ્પેકટીકલ્સ ભૂલી આવી ઘેર છું, રસ્તો નવ દેખાય;
હજી સુધી રામો નથી આવ્યો, પુસ્તક કેમ ઉંચકાય?
હવેથી ભણવા નહીં અવાય.

સંસાર સાગર—

અમારો બંગલો સાગરને કાંઠડે, એકલડાં કેમ કરી રહીએ?
સીમલા ને કેશ્મીર છેટા રહ્યાં,
કહો હવા ખાવાને ક્યાં જઇએ?
માથેરાન દેવલાલી જોવાં ગમે નહીં,
ચાર પાંચ સીઝન રહી થાકી ગઈ;
મોટરમાં બેસવા ગમતા નથી હવે, કયારે એરોપ્લેન લઈએ?
એવણ અમારી સાથે આવે તો, લંડન અમેરીકા જઇએ!

સંસાર સાગર—

છે કર્મકથા મમ ન્યારી રે, હું તો ના પરણી ન કુંવારી.
છું કુલીન કુટુંબની નારી રે, ભર દુનિયામાં દુઃખીયારી.
રસિક પંખીણી રાજહંસી, સંસાર સરોવર રમતી;
હંસ બની કોઈ કાગ આવ્યો, મને છેતરી મૂકી ભમતી.
પરણીને જ્યાં બની પનોતી, યુવતિ બની મટી બાળા,
સૌભાગ્ય ગયાં, વિધિ વૈરી થયા, મારે કરમે આવ્યાં કાળાં.
તન સળગ્યાં, પણ મન નહીં સળગ્યાં, લાલચ ગઈ લલચાવી;
કોઈ વિલાસીએ સપડાવી, મને વનવગડામાં રખડાવી.
પ્યાલી સુધાની બતાવી ગયો, નર નટખટ વિષ પીવરાવી;
વેશ્યાને ઘર વાસ વસાવા, નિર્લજ્જ જાળ બિછાવી.
હસવા ગઇ દુનિયાને, હાથે કરી મેં હાંસી કરાવી;
કોને કહું? કયાં જાઉં? મને ગયું છેકજ ભાન ભૂલાવી.

સિરાજુદ્દૌલા—

પૂછો કોઈ પરવાનાને !
શમા પર બળી મરવાને, અધીરા થતા એ શાને ?
ન જાણે કોઈ એમાં મજા શું દીવાનાને.
દીપકમાં ઝળકી રહ્યા, અજબ પ્રેમનો રંગ;
સુંદરતાના શોખમાં સળગી મરે પતંગ.

સિરાજુદ્દૌલા—

એ ગઇ છતાં એની છબી આવે નજરમાં,
આંખો ગજબ જાદુ ભરી ખુંચી જીગરમાં.
દેખાવમાં ભોળી છતાં જાદુ ભરી એ,
રાખે હજારો તીર કાતિલ વાંકી ભમરમાં.
ગાલો મહીં લાખો ગુલોની લાલી છૂપાવી,
ઉભી'તી નજાકત ભરી એ રશ્કેકમર ત્યાં.
પરવા ન તાજો તખ્તની એ નાજો અદાપર,
વણમૂલ વેચાયા અમે માશુકના કરમાં.

સિરાજુદ્દૌલા—

મધરાતડી વીતી ગઈ પણ આંખડી હજી ના મળી,
નૂરેનજર થઈ આકળી દીલબર વિના બે બાકળી.
રશ્કે કમરની રોશનીથી રોશની ઝાંખી થઈ;
એ રોશનીને શું કરૂં દીલ રોશની ના ઝળહળી.
ક્યાં સુધી કરવી સબર દીલદારને કૈં ના કદર,
એ સબરમાં ને સબરમાં દીલદાર થઈ ગઈ દુબળી.

સિરાજુદ્દૌલા— (સાખી)

જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,
બદલો બુરા ભલાનો, અહીંનો અહીં મળે છે.
ઉંચે ચડે છે ત્યારે, સહુને જે તુચ્છ ગણતા,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે.
હસતાઓને રડાવે, રોતા ઉપર હસે જે,
રોનાર તેને કોઈ, આખર નહીં રહે છે.
આપ્યા વિના ન મળશે, વાવ્યા વિના ન ફળશે,
ઇન્સાફ એજ કુદરત, અહીંનો અહીં કરે છે.

શા' કુવાટ—

જુઓ સ્વામી રામનાં કર્મો કેવાં દુનીઆમાં ઠર્યાં છે.
ધરો ધર્મ હૈયે તમે પ્રભુ રામનો,
સાર સંસારનો વડીલની સેવામાં છે.
સમજે સપુત એ સાચો બીજો રામ છે.
શ્રવણુંની ભક્તિ કેવી હતી ભીષ્મની પણ તેવી.
કઈ અમર પુત્રો પીતૃ ભક્તિથી ઠર્યા છે.

શા' કુવાટ—

દુઃખી કે દરદીઓ કોઈ, ભૂલેલા માર્ગવાળાને,
વીસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.
ગરીબની હાદ સાંભળવા, અવરના દુઃખને દળવા,
તમારા કર્ણ નેત્રોની, ઉઘાડી રાખજો બારી.

અતી ઉજાસ કરનારા, તીમીરનો નાશ કરનારા,
કિરણને આવવા સારૂ, ઉઘાડી રાખજો બારી.
થયેલાં દુષ્ટ કર્મોનાં, છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની ન્હાની, ઉઘાડી રાખજો બારી.

શાલિવાહન—

અમર કામ જે કરે જગતમાં, તે નર અમર ગણાય,
જગ કલ્યાણે જીવન વીતાવે, યુગ યુગ એ પૂજાય;
મનુષ્યમાં તે જન દેવ મનાય.
આત્મ ત્યાગના ઉજવળ વૃતના, ઘર ઘર ગીત ગવાય.
જેમ પુષ્પ ખરી કરમાય,
પણ વાસ વિમળ રહી જાય.
કીર્તિવાસના કીર્તિવંતની અખિલ જગે ફેલાય.

શાલિવાહન—

હાયરે મુવા મધુકરની બીક છે અપારરે,
ફુલડાં થોડાં ચુટયાં મેં સોહામણાં.
ગુણીયણુ ગુલાબ તોય કાંટા ભરેલો,
મોગરો તો માનમાં મરે છે;
ચંપાની વાસતો સ્હેજે સ્હેવાગ્રના,
કેવડામાં કાંટાનો મારરે—ફૂલડાં.
કાંટા વિનાનો સુવાસથી ભરેલો,
હૈયે તે હીમશો લાગે;
દીલને ડોલાવે એવો ડોલરીયો,
હું તો ગુંથીશ એનો હારરે—ફૂલડાં.

શાલિવાહન—

સુખની ગણાય છાયા, કમનીય જેની કાયા;
આરામ ત્યાં છુપાયા, રમણી મહાન માયા.
મદમસ્ત હસ્તીઓનાં, કુંભસ્થળો વિદારે;
કે લાખ ખડગથી જે, રોકાય ના લગારે,
તે સ્હેજમાંજ સ્ત્રીના, કરપાસમાં કસાયા—રમણી.
અલ્લકાવળીની લટમાં, કે રક્ત અધર પટમાં,
દ્રગ બાણુની ઝપટમાં, કે ઉભય ઉરજ ઘટમાં;
લપટાય નહીં એવા, નર કોઈ નથી સૃજાયા—રમણી.
જો સ્વર્ગ હોય શ્યામા, સંસાર સ્વર્ગ સમજો;
જો નર્ક હોઇ નારી, તો જગત નર્ક સમજો,
પણ સર્વ જીંદગીનાં, સુખ દુઃખ ત્યાં છુપાયાં—રમણી.

શાલિવાહન—

માગું તમારી માયા, કાયા હશે ત્યાં છાયા,
સ્વામીન્ તમારે ચરણે, વૈભવ બધા શમાયા,
જગની તમે વિભૂતિ, વિભૂતિ હું તમારી સ્વામી
મારા અને તમારા, યોગો અમર લખાયા.
વૈભવ બીજાને આપે, કષ્ટો બીજાનાં કાપે,
પરમાર્થે પ્રાણ ત્યાગે, ત્યાગી ખરા ગણાયા.
દીન રાત જેણે જાગી, સેવા જગતની સાધી,
પ્રભુતા ભર્યા એ જીવો, જગમાં પ્રભુ મનાયા—માગું.

શાલિવાહન—

લક્ષ્મી વિણુ લક્ષણવંતાની, કીંમત નહીં અંકાવાની,
ભાગ્યવિનાની લક્ષ્મી ઘરમાં, આવી તે વહી જવાની.
લક્ષ્મી તું છે મૂળ દુઃખનું, જ્યાં ત્યાં કલેશ જગાવાની,
ચંચળ થઈ ઘરઘર ફરતી તું, સારાં કર્મ તજાવાની.
એકનું લઈ બીજાને આપે, તું પણ છે મોટી કયાંની,
હીકમત છે બસ એકજ તારી, હસ્તાનેજ રડાવાની.

પૃથ્વીરાજ—

સંપ વિનાની સુખ સંપતનાં, વ્યર્થ અરે અભિમાન;
કુસંપે ખોયું હીન્દુસ્તાન.
નથી દૂર, છે દ્રષ્ટિ આગળ કુસંપનાં પરિણામ—કુસંપે.
અદેખાઇની આગ વિષે અજ્ઞાની;
પડયો વીર જયચંદ બની અભિમાની;
પાણીપતમાં પડયા પ્રતાપી પૃથુરાજ ચૌહાણ—કુસંપે.
ગયો ત્યારથી ભાગ્ય રવી સંતાઈ,
પરત્રશતાની ઘનઘોર નિશા પથરાઇ;
પડી ભારતી ભર નિદ્રામાં ધરી ઉદયનું ધ્યાન—કુસંપે.

પૃથ્વીરાજ—

હો રામજી ઢોરાં ચારીને પેટ ભરીયે,
પરણ્યામાં તો પીડા મોટી, જોતરાં તાણી મરીયે,
એથી ભલું તો વાંઢાપણું કે, નફકરા થઇને ફરીયે—

ક્યારેક જીવ જો ચાળે ચડે તો, મન મનાવા ફરીયે.
મીઠડા બોલી કોયલ સાથે, કાંકરી ચાળા કરીયે—
વાંહ વાઢીને વાંહળી કીધી, લલકારી શું કરીયે,
ગોપી વિનાના કાન અમે તો, એકલા મુંઝાઇ મરીયે—

પૃથ્વીરાજ—

નથી ગમતી નખરાળી નાર, એતો ખાંતે કરે ખુવાર.
નખરાથી એ નાચ નચાવે, એ નારી શું કરીયે!
મોહ લગાડે મનડાંને તો, મોત વિના પણ મરીયે;
લોકો કહે મૂરખ સરદાર—
હેઠું જોઇને હસતી ચાલે, એને ઝપાટે ન ચડીયે.
આડું જોઇને આંખ મારે તો, ઢગલો થઇને પડીયે;
એથી દૂર રહ્યામાં સાર—

પૃથ્વીરાજ—

હાયરે પીટ્યે છોગાં મેલી ને, મને છેતરી,
મોહમાં ભુલી હું ભાનરે—કેવડાનાં છોગા મેલીને, મને છેતરી.
જાતી ફુલ વીણવા ત્યાં, વેણી ગુંથી લાવતો,
કાલો થઈ થઇને બાઇ, અમને બનાવતો,
મીઠી મીઠી વાતડી કરી કરી,
પાણીડાં હું જાઉં ત્યાં તો, પાછળ એ આવતો,
કાંકરી મારીને પોતે, હસીને હસાવતો,
થાકી હું ઘડુલીયો ભરી ભરી.

માલવપતિ—

હૃદયના શુદ્ધ પ્રેમીને, નીગમનાં જ્ઞાન ઓછાં છે;
ન પરવા માનની લોયે, બધાં સન્માન ઓછાં છે,
તરી જાવું બહુ સ્હેલું છે, મુશ્કિલ ડુબવું જેમાં,
એ નિર્મળ રસ સરિતાથી, ગંગાસ્થાન ઓછાં છે.
પ્રણય કલહે વહે આંસુ, ચુમે ચાંપી હૃદય સ્વામીન્
અરે એ એક પળ માટે, જીવનનાં દાન ઓછાં છે.

માલવપતિ—

હાલને મીઠી માળવે જઇએ. માળવે ઝાઝાં માન;
તારી પ્રોતડી જોડાણી મારા જીવથી—
કંટક તારા પ્રેમનો કાંટો વાગ્યો મને આરપાર;
ઝણઝણાવે તું જીવ મારો, કરી ઝાંઝરનો ઝણકાર;—
બોલો મારા રાજવી રાણીને શું અપાવશો ?
મોતીડે મઢાવશો કે હીરલે જડાવશો ?
હા માગી લ્યો મહારાણી, જોઇએ તે આપીશ આણી;
કડલાં કાંબી કંદોરા, કસબી છાયલ છેલાણી,
એમાં શું ? એથી પણ ઝાઝું માગ, મોહના રાણી,
ઓ છેલ છબીલી નાર, હું વારી હૈયા હાર.

માલવપતિ— (સાખી)

એક સરખા દિવસ, સુખના કોઇના જાતા નથી;
એથીજ શાણા સાહ્યબીથી, લેશ ફુલાતા નથી;—

ભાગ્ય રૂઠે કે રીઝે, એની તમા તેને નથી;
એજ શુરા જે, મુસીબત જોઈ મુંઝાતા નથી;—
ખીલેતે કરમાય છે, સરજાયતે લોપાયા છે;
જે ચડે તેતે પડે, એ નીયમ પલટાયા નથી;—

રા' નવઘણ—

જન શું ગુમાન રાખે, જીંદગી નથી સદાની,
દીનચાર ખીલી ચંદા, પલમાં ડુબી જવાની,
રાવણ સરીખો બળીયો, યુદ્ધે ચડીને હાર્યો,
સીતાપતિ શ્રીરામે, અભિમાન ઉતારી માર્યો–જન.
જ્યારે ઇંદ્રપદ લેવા, બળિને મતિ જ્યાં વ્યાપી,
વામન સ્વરૂપે ત્યારે, ક્ષણમાં ભૂમિને માપી–જન.

છત્ર વિજય—

હવે હાલો હલામણ રાજમાંરે કરો કેદની મજા.
હાય ભોમાંથી ભાલા નીકળ્યાંરે ભોગ લાગ્યા ભગા.
જોયું કેવાં લડાવ્યાં લાકડાંરે મજા ચાખો ગગા.
{ રાજ રાખો કંઇ રીત—નહોય પરાણે પ્રીત }
{ બધું ઠીક છે ઠીક (૨) }
રાજને રીઝાવશો તો સર્વ સુખે માણશો,
પ્રેમી પંખીડાને પ્રીતેથી પાળજો.
તેજા બનીને ઝંડાને ઝુલાવજો—હાલો.

વીર તાનાજી—

મ્હારી ખીલતી ફુલવાડીના ઝુલતા ગુલાબ,
　　રૂડા રસથી છલકાય, રસથી છલકાય;
રસભોગીની આશ વીણુ થઇને નીરાશ,
　　રડયા કરમાઈ જાય કરમાય જાય.　　—મારી૦
મીઠી, મીઠી, સુગંધને ફેલાવતા,
　　મ્હેક મ્હેક દીલને મ્હેકાવતા એ,
　　મંદ સમીરતણા સ્પર્શ તણો લેવાને લ્હાવો;
મુવા લચકાઈ જાય, લચકાઈ જાય.　　—મારી૦

એમાં શું ?—

નયના કસુબો કર આયે,
શ્યામ બોલો, કીસ બીધ રયના બિતાઈ,
　　　　કોનો સોતનને કીની ઢીટાઈ—નયના.
બાલ બિખરે હય, ભાલ તિલકના, નયનોમેં નિંદ ભરી
તુલસીકી માલા તુટ ગઈ હય, અબ કરોના ચતુરાઇ;
　　　બયરનસે મેરી નેહા લગાઈ,
　　　　　　પ્રીત મોરી છાંડદી;
કુબજા કો તો બચન દીયો થો,
　　અબ કોનસે મન (૩) લલચાઈ..........નયના.

એમાં શું ?—

કોયલીયાં કુક સુનાવે,
પીલી વસંત બહાર..............કોયલીયાં.
કોન સખી મોહે બસંત સુનાવે, મેએ તલસું બારબાર
પાપી પપૈયા પિયુ પિયુ બોલે, પિયા પરદેશી ચાર;—કોયલીયાં.
જીયા પિયા બીન જલે દીન રયના, જોબનવા દીન ચાર,
મયેં નવ જોબના જોગન બનુંગી,
પિયા મીલન દુશ્વાર—કોયલીયાં.

આર્ય રમણી— (દુબરા-દુબરીનું ફારસ)

બઉ બઉ ડહારે આઈવું, અમારે ટારી પીવાની ટાનુંરે લોલ.
વાયું જુવાનીનું વાનુંરે લોલ —ટારી પીવાનું૦
યુ બોય
એન્જોય, આ ટારી પીવાનું ટાનુંરે લોલ —બઉ૦
મને મનરામાં લાગેચ મજાનુંરે લોલ —ટારી૦
ખાટ્ટી મીઠ્ઠી ટારી ને ખાટ્ટી મીઠ્ઠી લ્હેર,
ખાટ્ટી મીઠ્ઠી વાટો કરટાં,
ચીટરૂ મારૂં ચોરાનુંરે લોલ —ટારી પીવાનું૦
માઇ ડીઅર,
લુક હીઅર,
બીજું હું કંઇ નહીં જાનુંરે લોલ,
પન કાલજું મારૂં કોરાનુંરે લોલ—ટારી પીવાનું૦

આર્ય રમણી— (ફારસ) કીકલી–છામલીઓ.

બેગમરી હું મારી, વ્હાલી કાલજરાની કોર,
મારા જુના પુરાના મોર ....બેગમરી.
છામલીઓ હું મારો,
હું ગોપી હું માખન ચોર
ખરેખર ડહારો આપનો ઓર ....બેગમરી.
લગનના લ્હાવા લઈહું ભેટીને પ્હોરના પ્હોર,
છુખમાં રઈહું કીકલી,
બહુ ઠા ના નખરાખોર,
મારા જરીપુરાના મોર ....બેગમરી

આર્ય રમણી— (ગરબી)

જીવણુ નૈરે જાવા દઉં આજ,
વનમાં રાતલડી રાણું,
આવડી ભાઇબંધની શી હેર,
ઉતારા કરોને આપણે ઘેર,
ઉતારા નૈં કરીએ ગોરી,
રે સાથે ભાઇબંધની ટોળી —જીવણુ નૈં રે !
આવડી ભાઈબંધની શી હેર,
વાસો કરોને આપણે ઘેર,
વાસો નૈં કરીએ ગોરી,
રે સાથે ભાઈબંધની ટોળી —જીવણુ નૈં રે !

આર્ય રમણી—

દુઃખના દહાડા દેખીને, દઇએ ન દેવને દોષ,
કર્તા તું તુંજ કર્મનો, જીવ તજી દે શોચ
સંચિત તરૂએ ફલ જે આવે,
મનમૂરખ મનસુખા તજી દઇ ભોગવી લેને ભાવે,
સુના સંસારને સમજી સોનાનો કર્મને કોણ નમાવે,
વિપદ વાદળ ઘોર ઘેરાયાં અમ્રત ક્યાં વરસાવે,
નયન તું અમ્રત ક્યાં વરસાવે !

કૌન સરસ—

સ્વપનેકા રાજ હયે, યહ દુનિયાંમે સાર નહી.
આંખ ખુલતે હી રહા, ઈસ્સે સરોકાર નહિ....ઇસ્સે
બંદે કિસ ભુલમેં તું, કરતા હય મેરા તેરા,
ડેરા ઉઠતેહિ તેરા, કોઈ મદદગાર નહિ....કોઈ
તેરા તનભીતો નહિ, અંતમે હોગા તેરા,
માયા બીજાર હયે યે, સચ્ચા કોઇ યાર નહિ....સચ્ચા૦
બાત બરસોંકી યું હી, સોચતા નાદાન રહા
એક પલકે ભી લીયે, હોતા હોશીયાર નહિ....હોતા૦

કૌન સરસ—

આફત આતી હયે મર્દોકે ઉપર, નામર્દોકો આફત ક્યા હયે,
ગહનભી હોતા હય ચાંદકે ઉપર છોટે સિતારોકો ગહનસે ક્યા હયે,
તંગીકા ઘેરા સખીકે ઉપર, મુજી પાજીકો તંગી ક્યા હયે,

તુર્કી ફૂર—

દુન્યામેં જબ ધનપાના—કલકે લીયે બચાના,
દોલત ભી હયે એક ખેતી—જો બોયે ઉસે ફલ દેતી,
રબ ધન જોહો ફલ ખાના,
બુરે દિનમેં ન ભાઈ, ઓર ન જાયા, કામ આતા હયે,
ફકત અપના કમાયા, ઓર બચાયા, કામ આતા હયે,
સબહિં હસતે હુએ, મિલતે હયે, જબતક ચાર પઇસે હયે,
ન પુછેગા કોઇભી, મુફલીસીમેં આપ કયસે હયે,
મતલબકા યાર જમાના, કલકે લીયે બચાના,
નહી રહતી હયે મછલી ભી, નદી જબ સુક જાતી હયે,
જો દઉલત હયે, તબ તુમ દુલાહો, ઓર દુન્યા બરાતી હયે,
જો કલસે બેખબર હોકર નહી, હયે આજ આપેમેં,
વોહ દર દર ભીખ માંગેગા, ગરીબી ઓર બુઢાપેમેં,
મત દઉલત મુફ્ત ગવાના, કલકે લીયે બચાના.

અક્કલનું પડીકું—

તમે જો જો ન વાયદા વીતાવજો,
પીયુ પહેલી પેસેંજરમાં આવજો;
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયુ.
શિલ્કની કીનાર કોઇક વાયલ આછેરાં,
કોઇક નવા નાટકના અચ્છાં ઓપેરા.
થોડા હેન્બીલ હેર ઓઇલનાં લાવજોરે—પીયુ.

એક હારમોનીયમ પેરીસનું લાવજોરે,
આવવાનો તાર મને આગળથી આપજોરે.
તમે સામા સ્ટેશન પર સીધાવજો—પીયુ.

અક્કલનું પડીકું—

આપ પાપડવાડીમાં પધારજો લ્હેરીલાલ,
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પડોસમાં તુલસી ક્યારાનું નિશાન છે ?
છજામાં ! તુલસીના ઝાડનું નિશાન છે—લ્હેરીલાલ.
અખંડ અને અભંગ આજ સાંજ પહેલા પધારજો,
હડતાળવાળાનું તોફાન છે, જ્યાં હડતાળવાળાનું તોફાન છે—લ્હે૦
જોખમ ભરેલું કામ પુરી પંચાત છે, ધાસ્તી છે ! આફતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ.

ઝવાહરે મેહફીલ— ગઝલ.

છોટી બડી સુઇયાંરે જાલીકા મેરા કાહડના,
એક સુખ પાયા મયને અમ્માકે રાજમેં—અમ્માકે રાજમેં
સાથ સહેલીયાંરે ગુડયોંકા મોરા ખેલના—છોટી.
એક સુખ પાયા મયને અમ્માકે રાજમેં—ભય્યાકે રાજમેં
ગોદ ભતીજારે સડકો પે મોરા ખેલના—છોટી.
એક દુઃખ પાયા મયને સાસકે રાજમેં—સાસકે રાજમેં
આધી આધી રાત ચકડીકા મોરા પીસના—છોટી.

એક સુખ પાયા મયને નનંદકે રાજમેં–નનંદકે રાજમેં
ગીલાસીઆ અધનરે ચુલેહકા મોરા ધોકના–છોટી.
એક દુઃખ પાયા મયને દેવરકે રાજમેં–દેવરકે રાજમેં
છોટી મોટી પેચકરે બીયોંકા મોરા ગુંદહના–છોટી.
એક સુખ પાયા મયને સૈંયાકે રાજમેં–સૈંયાકે રાજમેં
આધી આધીરાત બાગોંકા મોરા ટહેલના–છોટી.
એક દુઃખ પાયા મયને સૈંયાકે રાજમેં–સૈંયાકે રાજમેં
સૈંયા હૈ નાદાન મેરા ચેહી તો મેરા ઝેકના–છોટી.

ઝવહરે મેહફીલ— ગઝલ.

જાતે હો કહાં જાને જહાં,
અભી દીલ તો હમારા ભરાહી નહીં;
અભી બોસએ લબ તો મીલાહી નહીં.
અભી ગુનચએ દીલ તો ખીલાહી નહીં,
કબ તલક ભલા ગમ ખાયે કોઈ;
કીસ તરહાન જાનસે જાએ કોઈ,
ઉસે ખાક ભલા સમજાએ કોઇ,
ઉશ બુત કો તો ખોહ ખુદાહી નહીં;
કયું હસ્તા હૈ મેરે રોને પર,
નાસેહ ઝરા અલ્લાહ સે ડર;
તુ કયા જાને હાંલતે દરદે જીગર,
તુને દીલ તો બુતોંકો દીયાહી નહીં,

મૈને જો સવાલે વસ્લે કીયા;
વો "હમદ" મુઝે યે જવાબ મીલા,
તકદીર મે તેરે લીખખાહી નહીં;
તેરે દરદ જીકર કીં દવાહી નહીં,

આંખકા નશા—

ક્યોં તોહે જીવનકા અભિમાન હય, હે મુરખ જીવન સ્વપ્ન સમાન હય,
દો હી દીનકા યહ સુખ સન્માન હય,
યહ સંસાર મુસાફીરખાના–ક્યોં તુને ઇસકો અપના જાના,
તેરા અન્તિમ ઘર શમશાન હય.
જ્ઞાન રતનકો મત કર મંદા–જીવન હય એક ગોરખ ધન્ધા,
મોહ લોભકા તોડ દે ફન્દા,
કરલે કુછ ઇસ દેહમેં જબતક પ્રાણ હય,
જગ હય ચલતી ફીરતી છાયા–દુઃખ સુખકા હય ખેલ બનાયા,
સબકો ઠગતી ઠગની માયા,
જો ઇસકે છલકો સમઝે, વો સુજાન હય.

દેશ દીપક— ગઝલ.

લાખો અહિં ચાલ્યા ગયા, લાખો બીજા ચાલ્યા જશે,
માટી તણી આ જીંદગી, માટી મહીં માટી થશે,
મારી બીજાને માનવી, મનમાં ફુલાતો ના અરે,
કાળ કોઇનો તું થયો તો, કાળ તારો કોઇ થશે.
કહેજો અમારી માતને કર્ત્તવ્ય પંથે હું મર્યો.
નહિંતો બિચારી જીંદગીભર વ્યર્થ આંસુ સારશે.

હશીનોકા મુજરા— નવું ગાયન.

ચલી ઉલટી હવાયે જહાનમેં હાં દસવી જોરૂભી ગઇ કબ્રસ્તાનમે
વારે સાતીર ખુબહી બીગડા તેરે ઘરકા કામ—
ઈક્તિયારી ઔર શહેરીકા હો કૈસે ઇનતે જામ
કેસે રોઝે રખું મૈં રમજાનમે.

જોરુ મર ગઈ પાંચોને તો ઘરસે નીકાલા
ઈસિસે યારો ખુબી કૈસી કરકે મું કાલા
પડે સરકારી તાલે મકાનમે.

જોડતા હું હાથ સાતીર ચશ્મ આપને નમ કરે
કુછ જીયાદા ઔર કુછ માસુલી ઔર કુછ કમ કરે
જીતને સટેબાજ હય ઇસ જાંહકા કુછ ગમ કરે
રેસકે જીતને ખેલાડી વો મેરા માતમ કરે
એકને લાઠી એકને ઢોસા એકને મારી લાત
એકને મુછે એકને દામન એકને પકડા હાથ
યે ઇજજત હીંદુસ્તાનમે.

જોરૂ મર ગઈ સાતીર ભાઇ હો ગયા પરેશાન
પાંચેકો તો ઘર મુબારક ઉસકો કબ્રસ્તાન
હમ ભીત કીયે લગાયે મસાનમૈ
કકડયાં તો ખા ગયે કડવા કરેલા રહે ગયા
આયા ફોલાદી ઝાઝ અબ તુફાનમે.

સોનેરી જાળ— (હોળી)

કાના તોસે હોગી લરાઇ કયું રે મેરી ચોલી છુઆઇ-કાના
લાલ ચુનરીયાં લાલથી ચોરી કરત ચતુરાઈ
લાલ ગાલપે કપટી કનૈયા, ચુંબન દે શરમાઈ
—સુદ બુધ મોરી તુંને હરાઇ-કાના
લાલ ગુલાલ ઉડાયો બદન પે સ્નાનકો મયે લલચાઈ
ચીર ચુરાકે ચડયો તું કદમપે તોહે શરમ નહિ આઈ
શ્યામ મેં તો નાર પરાઇ-કાના

વીર પુજન— (સીકંદરના ચાર ફરમાન)

(૧) મહારા મરણુ વખતે બધી મીલ્કત અહીં પથરાવજો
મહારી નનામી સાથ કબ્રસ્તાનમાં પણ લાવજો
અર્થ—જે બહુ બળથી મેળવ્યુ તે ભોગવી પણ ના શકયો
અબ્જોની મીલ્કત આપતાં પણ એ સીકંદર ના બચ્યો
(૨) મહારૂં મરણુ થાતાં બધા હથીઆર લશ્કર લાવજો
પાછળ રહે મૃત દેહ આગળ સર્વને દોડાવજો
અર્થ—આખા જગતને જીતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું
વિક્રાળ દળ ભુપાળને નહીં કારથી છોડી શકયું
(૩) મહારા બધા વૈદ્યો હકીમોને અહીં બોલાવજો
મ્હારો જનાનો એજ વૈદ્યોને ખભે ઉચકાવજો
અર્થ—દરદીઓના દર્દને દફનાવનારૂં કોણ છે ?
દોરિ તુટી આયુષ્યની તો સાંધનારૂં કોણ છે ?

(૪) ખુલ્લી હથેલી રાખતાં જીવો જગતમાં આવતાં
ને ખાલી હાથે આ જગતથી જીવ સહુ ચાલ્યા જતાં
અર્થ—યૌવન ફના જીવન ફના જરને જગત પણ છે ફના
પરલોકમાં પરીણામ ફળશે પુન્યના ને પાપનાં

*   *   *   *

વદે શાસ્ત્રો અમર આત્મા, મરણુની બીક શા માટે
અમર છે એક પરમાત્મા મરણુની બીક શા માટે
શરીર આ કાચનો કુપો, તરત જો તુટવાનો તો
સમર માંહિ અમર થાજો, મરણુની બીક શા માટે
જનમતો ને ફના થાતો, ફના થઇને જનમ લેતો
વિધિનો તંત્ર એવો તો, મરણુની બીક શા માટે

સરદારબા—

દયા કરે તે કોઈ ન કરશે, મુરખ કરે અભિમાન,
પ્રાણી બિચારૂં તુચ્છ મગતરૂ, કાળ કથા અનજાણુ
હુંપદમાં મરડાઈ મરે પણ ધાર્યું કરે ભગવાન—દયા૦
નિરધનીયા પળમાં ધનવંતા ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુઃખી નહિ કોઈ જગમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરંતા, તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે સહેસે, આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગ જુગ જન્મ્યું તેજ જનાર,
નાહક અકીન છોડે નીજ જન, સત સાહ્ય કરનાર.

અહલ્યાબાઈ—

રાજ સમી સાંજના આવજો, સામી સડકપર બંગલો,
મીઠા મ્હેમાન આજ આવજો રે—સામી૦
પ્રીતી સરવરની પાળે પાતળીયા,
અમીરસ પીજો પીવરાવજો રે—સામી૦
કાયાને કયારડે બહેકે કસ્તુરી,
લ્હેરખડાં લુંટજો લુંટાવજો રે—સામી૦

લક્ષ્મીપતી—

માયા કોઈની ના થઈ, પિયુ ચેતો પગલે પગલે,
કંઈક મુકી ચાલ્યા મહારાજા, અહીંની અહીંજ રહી,
કાયા માયા કોઇની, રાખી નહિં રહી
કંઇક કમાયા લાખ, કરોડો, શુન્યની શુન્ય રહી,
પરમારથમા વાપરી લક્ષ્મી તેજ ખરી........

લક્ષ્મીપતી—

ઝટ જાઓ ચંદન હાર લાવો, ઘુંઘટ નહિં ખોલું હું.
મને લાગ્યો એ હારનો નેડલો, તમથી નહિં બોલું હું.
મોંઘી તારી માગણી. મોંઘા તારા મૂલ.
મોંઘી તારી પ્રીતડી, મેં કરતાંજ કીધી ભૂલરે,
ઘુંઘટ ઝટ ખોલોને.
મોહન મેં તો માંગીયો, મોંઘો ચંદન હાર,
લાવો હાર પછી પીશું તમે, લુટો જોબનીયાની બહારરે,

વલ્લભીપતી—

મીઠીને મધુરીરે જોબનિયાની વાતડીરે,
જોબનિયાના ચાળા કદી ન છુપાય,
શરમીંદી સાહેલીરે, જોબન વનમાં સંચરીરે,
હાંરે મુકો કેડો મને કંઇ થાય,
આંખલડી રંગાણીરે નાવલીયાના રંગમાંરે,
હાંરે સખી શાને ચડાવો આળ.

વલ્લભીપતી—

રસીકજી રંગીલા છેલાં,
રસભીનાં તારા છે નયનીયાં મારા વાહાલમાં—રસીકજી
પાટણનાં પટોળાં લાવો હીરા કંકણ જોડ,
અતલસ અમદાવાદી પહેરી ફરવાના છે કોડ,
સુરતી જરીઅન સાડી સોહે ઝાંઝરનો ઝણકાર,
તસતસતી ચોળી સીવડાવો મ્હારા હૈયા હાર,

વલ્લભીપતી— ગઝલ.

ખાલી હતાને ખાલી થયા ભાઇ બાકી રહ્યું અહીં કાંઈ નહીં
ખોટી છે માયા ખોટી આ કાયા ખાલી ફુલાયા કાંઇ નહિં
જુઠની બાજી છે બધી આ નામ નીશાની કાંઈ નહિં
કાળની માયા વાદળ છાયા વીતી જવાની કાંઈ નહિં
જર જોરૂ ને જોબન જીવન ખાખ થવાનું કાંઈ નહિં.
પંચ ભુતોનો પિંડ અરે આ રાખ થયો કે કાંઇ નહિં

શાહ કે ચોર— ગરબી.

ગંગા પ્રદેશની માટી મંગાવો
ઓરડા લીપાવો પરસાળો લીપાવો
સાસુ સંહેરોને નણદી કાગળીએ,
જેઠાણીને આપી તેડવા જાઓરે પીયુડાજી.
સાસુને સાલ્લો ને નણદીને વાયદો.
જેઠાણીને દક્ષીણીના ચીરરે પીયુડાજી.
સાસુ ખાઇ જાશોને નણદી લઈ જાશે
જેઠાણીનાં કાલ પાછાં આવેરે પીયુડાજી.

બબજોનાં બંધન—

પ્રીતકે ફંદ નહી પરના,
જાનપેં આફત આયેગી
દિનભર રો રો જલના —પ્રીતકે.
પ્રીત કિયે દુઃખ હોત હે
પર પ્રેમી લપટાય,
દીપ તેજકો દેખકે
પરવાના જર જાય
પ્રીતકે ડંખસે સબ ડરના —પ્રીતકે.
સાવન ભાદો અસવન બરસત
બિયોગમેં મરના,
બિકટ પંથ હે પ્રીતકો યામેં
પેર નહીં ધરના. —પ્રીતકે.

અબજોનાં બંધન— (ડેન્સ ઈંગ્લીશ)

એટિકેટ ઈંગ્લિશ સોસાઈટીકા હય,
બેટે નાચો અયસે હાં પોઝિશન.
પહેરો સૂટ, ખાઓ બૂટ, જાના પાગલખાના,
ડિયરી ડૉલી ગાના,
ખુરસી ટેબલ પર મર જાના,
અબ તું છોડ બટાટા ભેંડી બેંગન,
બિલ્લીને ચુહા પાયા બસ ભરપાયા,
સમઝા ન તેરી સરગમ,
ફુટા પુરાના પડઘમ,
રેઇસકા હય આયા સીઝન,
બિસ્કીટ ખાના, સોડા પીના,
લીંબુ ઔર જીંજર. —ટેક.

અબજોનાં બંધન—

ગમે ના બાગનાં ગુલો, ગમે ના ફૂલવાડી,
ગમે કોઈ ના માળી,
વનોમાં વાયુની વાતી ગમે એ લ્હેર વ્હાલી,
ખુદાઈ જ્યાં છૂપાઈ.
છલાવ્યા ભોગસાગર, ના તૃષાતુરને મળ્યું પાણી,
ઉતાર્યાં સ્વર્ગનાં સુખડાં, ભૂખ ના ખરી જાણી;
ચહું આનંદ અંતરના, નહીં માયાની મહેમાની,
નહિ સંગીતના જલસા, ચહું હું સ્નેહની વાણી.

પ્રાણુ વેલી ઘેલી ઘેલી વનોમાં ફાલે કેલી,
અલબેલી નવેલી,
વનોની વાસી મ્હેલોમાં ગઈ મુંઝાઇ છેલી,
દીવાની થઇ અકેલી —ગમે ના.

અબજોનાં બંધન—
ગરીબી જ્યાં વહે નંદા, પ્રભુના ત્યાં ખરા બંદા;
વરે ત્યાં કીર્તિ આનંદા, સરે ત્યાં સ્વર્ગની ગંગા.
ગરીબીએ લખ્યા ઇતિહાસ, ગરીબીની વિધાતા દાસ;
ગરીબી છે જીવનની આશ, ગરીબી છે જગતનો શ્વાસ.
ગરીબીથી વિવેકાનંદ, ગરીબીથી દયાનંદ ચંદ;
ગરીબીમાં હતા ગોપાલ, ગરીબીમાં દીપે છે લાલ.
મહા જે હિંદવાસી નામ, ગરીબીનાં કર્યાં પયપાન;
ગરીબી હિંદ દાદા પ્રાણુ, ગરીબી ગાંધીજીના જાન.

અબજોનાં બંધન—
—ઓશો લઉં મુખડે સુંદર વા !
જેસો ચુમે ભ્રમર કમલ,
—નફ્ટ નિર્લજ,
વંઠલ વાનર,
—હાં, વારી જાઉં તિરછાં નેનન વા ! —ઓશો.
—અધરપાન કરતો નાહીં,
—જીગર જામ પીવણો ક્યાંહિં ?

—શરમ લાજ ગઇ લુટાઇ,
—અજબ આજ ચુમી લગાઇ,
વા–ગુલી તોરૂં જોબન ગબ્બર વા !　　—બોશો.

અબજોનાં બંધન—

હૃદયનો આપજો સંદેશ,
બનીને મેઘદૂત વ્હાલા;
કરીને નાથને વંદન,
ચુમી પદપંકજો પ્યારા.
સ્મરણ દેજો એ કુંજોના,
વસંતે જ્યાં વસ્યા'તા શ્યામ;
કર્યાં'તા જ્યાં રસાલાપો,
હસ્યા'તા જ્યાં મધુરાં તાન.
વીંધી'તી જ્યાં અમીધારા,
છુટયાં'તાં નેનનાં જ્યાં બાણ;
લઇ ચાલો પ્રિયાને ત્યાં,
સનમ જો હો ખરા મમ પ્રાણ.

વિજય ધ્વજ—

ધર્મ સંકટમાં સર્વદા, સમશેરને ધરનારા,
ધન્ય ધન્ય એ દૈવી અવતાર,
નીજપ્રાણ પ્રજાકાજ, રાજતાજને તજનારા,
સાચા એ શુરા સરદાર,

આત્મભોગ આપી, રણ યજ્ઞમાં હોમાય છે,
એવા એ અમોલ રત્નો, સ્વર્ગમાં પુંજાય છે—વાહવાહ
એવા દેશ ભક્ત પાવનકર, વીરનરનું અષ્ટ પ્રહર,
યશોગાન ગાતાં નરનાર,
ક્ષત્રિધર્મ ધારી, અંત અધર્મીનો લાવતા,
ધન્ય એવા જનેતાના, દુધને દીપાવતા—વાહવાહ
એવા રણધીર, 'વિજય ધ્વજ' ફરકાવી જીવનભર,
ભારતમાં ડંકા દેનાર.

વિજય ધ્વજ— (કોમીક)

જેના ગુલાબ જેવા ગાલ, ચપળા જેવી ચંચળ ચાલ,
જેનું વિશાળ સુંદર ભાલ, તેપર વાંકડીઆળા વાળ,
જેની આંખલડી અણીઆળી, તે પર શોભે ભમર કાળી,
રૂપમાં રંભાથી રૂપાળી, લલના લાવીશું લટકાળી—
હું તો ખોળી ખોલકી લાવું, મારા દીકરાને પરણાવું,
મારે નથી પરણવું આવું, છોડો બે સુરૂ ગાણું,
(ત્યારે રૂપાળી બૈરી નહી ?) (ના ગુણવાળી લાવો અહીં)
(કહો હવે કહેવું છે કંઈ ? કેવી જોઇએ તે ભસી મરને,
ભેંસના ભાઈ)

(ઉઠ કહું તો ઉભી થાય, બેસ કહુ તો બેસે)
(પતિ આજ્ઞા ઉઠાવીને અગ્નીમાં પ્રવેશે)

(એવી લાડી ક્યાંથી લાવું, ફાટી મુઆ જાને,
મારૂ કહ્યું માની બેટા, પરણુ તારી માને)
બૈરી એક બલા દુનીઆમાં, મારે સાંબેલાનો માર,
પ્રાણીઆ ભજી લે ને કીરતાર, આતો સ્વપ્નુ છે સંસાર....

વિજય ધ્વજ—

વાંકી વળીને શું જોતી ? વળી વળી,
ખોવાયું શું ? અણમુલુ, મનડાનું મોતી,
જડશે બ્હેન મોતી એ, ગોતીશ જો પ્રેમથી,
જોડાશે જુક્તિથી, મોતી આ હેમથી.
નહી હામ હૈડાની ખોતી....ખોવાયું.
તમને હસવું ને, મારૂં મનડું મુંઝાય છે
દીલને દીલાસો દઈ, પ્રેમી પ્રાણ જાય છે,
ગુણીયલ એ લાવીશું મોતી....ખોવાયું.

વિજય ધ્વજ—

મરવું તો પતી ચરણે મરવું, તરવું તો પતી ચરણે તરવું,
પતીનું ધ્યાન સદા ધરવું, પ્રભુ સમ પતીનું પુંજન કરવું.
"ટેકી ટેક ન મુકશે, કરો કરોડ ઉપાય,
રણઘેલા રણમાં ચડે, ટૈકી નહી છુપાય"
ટેકે રાવણ રણ પડયો, ટેકી સીતા નાર;
કુટેકે કુળ ધુળ થયું, સુટૈકે જયકાર....

વિજય ધ્વજ— નાચ.

અજી લાગીલો, મોરી જાન નેન કટારીરે........
છુરીનમારી, કટારીનમારી, નમારી બરછી તલવાર,
લોહુકા નહી બુંદ નીકસા, તનક નેના નાહી લાલ,
કીસતરાંસે કરદીઆ, યારો કલેજા પાર પાર,
દુશ્મન નાહી, બેરીનાહી, મારન વાલા દીલદાર....
થાવસે નહી, દીલએ બીછડા, મીલ ગયા હે, ઔર યાર,
તુહી મૌલા કર, હકીમી કરદે, બેડા પાર પાર,
કોઉ બતાવે, કોઉ મીલાવે, સૈંયા ગુલે ગુલજાર,
નેન કટારીરે........

વિજય ધ્વજ—

બધી દીલની આશાઓ, દીલદારમાં છે,
સ્વર્ગ સુખો સમાયાં, ભરથારમાં છે,
જે પતીની પુંજારી, છે પ્રેમદા સદા,
જેની સ્વામીમા વૃતી, રહી સર્વથા,
એવી દેવીનું પુંજન, સંસારમાં છે.

વિજય ધ્વજ—

કુદરતના રંગ, અજબ પળપળમાં,
સકળ જીવને, જીવન મહી બતલાવે,
શાં શાં સવીતા પ્રભાનાં, શોનેરી કીરણ,
એ સમય પલટતાં દીસે, અસ્ત હાં થતાં,
અકળ કરમ તણી ગતી દરશાવે ....કુદરતના.

દેવી હોથલ—

આવો મારા કાળજાની કોર, તમે લાગો લટકાળા, અતિ વ્હાલા,
પ્યારી મારા ચીતડાની ચોર, મને વાગ્યાં નયન બાણ તારાં,
સ્નેહી સુજાણ છો, પ્રાણની આ પ્રાણ છો,
બ્હાવરી બનાવી નંદલાલા—આવો.
ભાવથી આ ભેટવાનું, મીઠું મીઠું લાગે,
તેથી મનડું, મળવાને વધુ માંગે,
આવો આવો પ્રાણના આધાર, ભલે ભેટવાને,
ભેટવાથી દુઃખ દૂર ભાગે,
પ્યારા હું પતંગની છું દોર,
દયા લાવો, લટકાળા પતિ વ્હાલા.

દેવી હોથલ—

સાહેબાજીરે રૂડા ઉતારા આપજો,
પંખી અમે પરદેશનાં જીરે........
આવશું જીરે ચાખવા પ્રેમની શાખો,
જ્યારે તમારા દેશમાં જીરે...........સાહેબાજીરે....
આ ભવ રસભર ફલને પામી,
ભવ ભવ લેવા આવશું જીરે
દેશ અમારો રસભર આખો, રસના પ્યાલા પાશું જીરે
રસીયા રાજી થાશું જીરે
ગુણ તમારા ગાશું જીરે.............સાહેબાજીરે....

દેવી હોથલ—

હે સલુણી રીસાવો નહિ, તલસાવો નહિ.
નયન કમળથી, તીરછી નજરના, કોમળ હૃદયપર માર,
તીર તો ચલાવો નહિ....
મતલબની દુનીયા બધી, વીકટ પ્રેમનો પંથ,
સ્નેહ કરી અળગા રહે, એવા પુરૂષ અનંત,
સજ્જન પ્રેમી જાણતા, વિકટ પ્રેમનો પંથ,
સાચા પ્રેમી લાવતા, એજ પંથનો અંત,
પરણ્યા પણ લીધો નહિ, સ્નેહ તણો કંઈ સાર,
પશૂ જીવનને ગાળતાં, પ્રેમ બિના નરનાર.
વ્હાલી તારા વેણુમાં વશી કર્ણ દેખાય,
ચુમ્મી લેવા અધરથી, હૃદય અધીરૂં થાય.

દેવી હોથલ— રાગ—ગઝલ.

કરે જન સ્વર્ગની વાતો, બતાવો સ્વર્ગ છે તે કયાં,
હૃદયના શુદ્ધ પ્રેમી જ્યાં, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં,
પરસ્પર પાક દીલનાં, પ્રેમીઓ દીદારનાં તરશ્યાં,
ક્ષમાને શાન્તીની જોડી, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં....
સદા જ્યાં સ્નેહનાં ઝરણાં, વહે છે કમળ નયનોથી,
સનમએ માનજો નક્કી, વસે છે સ્વર્ગ સાચુ ત્યાં,
હજારો વીઘ્ન જો નડતાં, નથી જે જીગરથી જુદાં,
નહિ તે પૃથ્વી પલટાતાં, પલટતાં સ્વર્ગ સાચુ ત્યાં.

દેવી હોથલ—

બોલો બોલો રસીલી, જરા ખોલો ઘુંઘટ,
તારા ઘરના, ગુલામ થઈ રહીયે...રસીલી તારા....
લાજો લાજોજી લગાર, હું તો પતીવૃતા નાર,
એક અબળાની લાજ નવ લઇએ....ગરધવજી મારા....
જોઈ તારો ઠમકો, ને જીવ મારો જાય છે.
મથુરાનો માંકડો, આ જીવ મારો ખાય છે.
હાય મારા કાળજામાં કાંઈ કાંઈ થાય છે.
દુર મૈંર દુર, તારૂં ડાચુ ગંધાય છે,
છોડો છોડો હડકાયા, જાણ્યા જાણ્યા ધુતારા,
એક બાળાને દુઃખ નવ દઇયે....ધુતારા....
ઘુંઘટડો મુકોને વ્હાલી, ઘુંઘટડે ઘર ઘાલ્યાં,
કરી ઇશારા પરનર સાથે, સાંજે ફરવા ચાલ્યાં,
મનને ભાવે ત્યાં જઇ માલ્યાં........બોલો........

દેવી હોથલ—   (કચ્છી ગાયન.)

છેડો છડરે કાનુડા, મુંજે ઘરે કમ આય,
છેડો છડરે ધુતારા, મુંજે ઘરે કમ આય,
કાન અસીં મૈયારી, કંસજી તું પુતર નંદરાય,
કાન પોંધો ગીટેમે, તોતોજી કુરો કંધી માય,
જેડલુ મડે હલી, વઇચુ, રોકી રખેતો કુલાય ઈ પુલાય,
જો સુંણુધ્યો કંસરાય, તો થીંધી વાય વાય........છેડો.

સાખી

એડો અસંધો કીંગીચે, ગાયુંજા ગોવાળ,
ઈનસેંતો મું ના અચું, હીન મારગ નંદલાલ,
ન્યારીધી નણુધીં મુજી, સસકીં ગોઠીલોક,
મારીંધી મેણાં મુકે, વ્રજવીંજે નારોક,
તડેંતોકે સુણુ મૈયારી, હકડો રહ્યો ઉપાય,
હથ્થ જોડીને લગહણે તો કુંવર કનાજે પાય.

વીર રાઠોડ—

મીઠી મીઠી વાણી મારાં પ્રેમી પોપટ, તારા
વચનોથી પરવશ હું થઈરે,
નીશાનીથી બંધાણી મારા નાથની, સદા હું તો,
પરવશ થઇ હુ તો વાલમાં.
જોઇ છબી તારી, મને કંઇક કંઈકે થાય છે,
હાય તારા ઇશ્કમાં, આ જીવડો મુંજાય છે.
ફત્તે કરીને તમે આવજો, સલુણા વેહેલા,
ફુલે વધાવું તમને, હાર હૈયાના સમજીને.
એને આપો રજા પછી કરશું મજા,
મરે ચંદન તો ચંદા આ મારી થશે,
હાય ચંદા તારા ઉપર ડબ્બલ આફ્રીન છે,
આ ચંદા....મીઠી.

વીર રાઠોડ—

લટકે ચટકે બની કામણગારી નારી, સર્વેને મારૂં
નયનોનો માર, નૌતમ નખરા કરનાર,
હું મોહક મનહર મદમાતી મલકાતી છું ગુલનાર—લટકે.
નેન કટારી મારીને, ભારી નરને કરૂં લાચાર,
શાણી રંગીલી છેલછબીલી, જોજે ન ખાતી હાર.
છે મ્હારી મનહારી ગતી ન્યારી.
જોઇ ભાન ભુલે, પડે મોહ, ઝુલે રૂપરંગ ડુલે,
કદી તું ભુલે—ના—ના....લટકે ચટકે બની કામણગારી નારી.

વીર રાઠોડ—　　　(સાખી)

ધન્ય ધન્ય છે દુર્ગાદાસ આશ છે ત્હારી એક બળવીર
કર્મવીર તે મરૂં ભુમીનું જાતું રાખ્યું નીર.
મુક્તિ કર ઝટ મારવાડની સત્યસીંધુ મહાવીર.
જાઓ સીધાવો સુખે બાંધવો ધરી હૃદયમાં ધીર
શ્રીવર કરશે સ્હાય સર્વને શરણે રાખો શીર....ધન્ય.

વીર રાઠોડ—　　　(મારવાડી ઝુલનું ગાયન)

એ મારો લાડોજી મુંબઈ શહેરશું, આયો જી—જી—જી
એ મારો વાલમજી બાજુબંધ બેરખી, લાયો જી—જી—જી
નણદી જાએ હાવરે, જેઠાણીએ ઝગડો માંડયો જી—જી—જી
હે દેરાણી કેવે મને ઘાઘરો ઘુઘરીવાળો અઠે દીલાવો જી—જી—જી
હે સરદાર તારી મુછો, ગદ્ધા પુચ્છો, જેડી લાગેજી જી—જી—જી

વીર રાઠોડ— (સાખી)

ભુલા પડતા ના ભ્રમર, જોબન વન મોઝાર,
હૈયા કેરે હિંચકે, હીંચોળું દીલદાર,
આવોને હો, વાડીના મીઠા મોરલા,
હૈયાના આસન હું આપું, મહોલે પધારોને વાલમજી,
આપણી પ્રીત વધારોને, હો વાલમજી.

(સાખી)

મનહર મુગ્ધા નારને, મોતીના શૃંગાર,
મન મોતી મુકી, બીજું ઈચ્છું ના દીલદાર....આવોને.

એકજ વીર—

કામે કારી કટારી મારી, ખીલ્યાં જોબનીયાં
હાં મારા જોબનીયાં હાં.
ધારી ધારી જોઉં મૂર્તિ, પ્યારી થાકયાં
લોચનીયાં, હાં મારાં લોચનીયાં હાં.
ચંપકવરણી મન વશ કરણી
પીયુષ ઝરણી સ્નેહ નીસરણી
પાણી પાણી થઈ હું હારી, ભીંજે ચુંદરીયાં,
હાં ભીંજે ચુંદરીયાં હાં.
છું મૃગનયની નાજુક વયની
રસિક હૃદયની પ્યાસી પ્રણયની
સુનાં સુનાં પીયુ વિના, સુનાં મારાં મંદીરીયાં
હાં મારાં મંદીરીયાં હાં.

એકુજ વીર—

જે જીવ જાતાં પણ, કદાપી ધર્મને તજતી નથી,
નિજ સ્વામી કેરા રોષને, અંતર મહી ધરતી નથી.
જે નારી ગૃહમાં શાંન્તિને, આરામ પણ પ્રસરાવતી,
પતિના સુખે સુખ માનતી, ને પુણ્ય પથે ચાલતી.
જે સદ્‌ગુણુ આભૂષણોથી, પ્રાણુને વિકસાવતી,
નિજવાણીના માધુર્યથી, પતિ દોષને વિસરાવતી.
જે સ્નેહની પ્રતીમા બની, આદર્શ જીવન ગાળતી,
સીતા સુકન્યા પ્રતિમ છે, તે સુંદરી સાચી સતી.

એકુજ વીર—

કૌમુદી શીળીગણાય, કોકિલા મીઠી મનાય,
જુદા સૌ સુજને થાય અનુભવો સખી.
ચિત્તમાં ન પડે ચેન, ઘેરાયાં રહે નેન,
નિદ્રા ન આવે રેન, સમજાવું શું સખી.
સમજાઓ એકે હૃદય, ચંદ્રથી બળેકાં,
સમજાઓ એકે ચિત્ત, પ્રેમથી ચલેકાં.
સમજાઓ એકે ઉર, આમ ઉછલેકાં,
પુછો જઇ કુમુદને કે, ચંદ્રાથી ચળેકાં.
પુછો જઈ ભૃંગને કે, પુષ્પમાં મરેકાં,
પુછો જઇ સરિતને કે, સાગરે મલેકાં.
યૌવનની ખીલશે બહાર, પ્રેમનાં ઉઘડશે દ્વાર,
દીલના ખેંચાશે તાર, સમજાશે સૌ સખી.

એકુજ વીર—

આલી જો ને દાડી દાડી, મોડા આવે મારા ભરથાર,
સમી સાંજની આંખ તણાય, મળે મોડી રાતે મનહાર—આલી.

વારેવારે જઈ બારીયે જોતી, બાનાં કરીને હજાર,
ઉભાં ઉભાં પગે ઉતરે પાણી, ડોક દુખ વારવાર—આલી.

હસતી હસતી હું જતી સામે, આવે જ્યારે ઉરહાર
આડું જુવે અલબેલડા ત્યારે, કાળજે વાગે કટાર—આલી.

એકુજ વીર—

કોઇ તરસ્યાંને ના તરસાવો (૨)
દયા તણા સાગર હો તો, કોઇનાં ના નાવ ડુબાવો—કોઇ.

તરૂવર સમ ઘેરી ઘટાથી, શિતળતા સ્થળ સ્થળ લાવો,
જશે જીન્દગાની, આખર થાશે પસ્તાવો—કોઈ.

સાગરના કાંઠે કોઇની તૃષાના છીપાયે,
સરવર જળ આછાં પીતાં તૃપ્તિ પમાયે
જીવન પરમાર્થે પંથ વીતાવો, ભુલ્યાને માર્ગ બતાવો,
અવસર નહીં આવો—કોઇ.

એકુજ વીર—

બુરા છે મોહબાણુના માર,
વાગ્યા તે સૌ યાદ કરે છે, ભુલે નહિ લગાર—બુરા.

ઘાયલ એના ઘાવ વખાણે, એમાં પણ એ મજાજ માણે,
રસનાં ધોયાં એ રસ જાણે, બીજા ન જાણે લગાર—બુરા.

ભર ઉનાળે શિતળ થાતા, ભર શીયાળે બળતા,
ભર ચોમાસે તરસ્યા મરતા, એ ઘાના ખાનાર—બુરા.

સંસાર લીલા— (ફેશન) શેઠાણી.

ફુલી ફુલીને હું ફરતી, બની ફાંકડી નાર,
કોણ છે બરાબરી કરનાર.
તીજોરીઓની ચાવી લઈ, થઈ શેઠાણી નિરધાર,
હવે હું રૂવાબથી રહેનાર.
અત્તર લીધાં, હજાર હોનાં,
ઓટો મોઇની, ખાવી હોના.
લાખ ટકાના જોબન માટે,
કરોડોનાં હણુગાર, હાયબી મારી અપરંપાર.

સંસાર લીલા— (હાલરડું દીકાને)

અલુંલુલુ હાલ હાલ હાલ અલુલુ હાલ,
સોનાનું પારણું મંગાવુંરે હાલ હાલ હાલ
મારા દીકાને ઝુલાવુંરે હાલ
છાનો મારા વીર, ભરી આવું નીર
પછી તને હેતથી હલાવું રે હાલ (૩)
ભાઈ છાનો, બાપા છાનો, અરે છાનો, રડયા છાનો,
રૂડાં રમકડાં રમવાને લઇ આવું
ઝગમગતાં ઝબલાં બે દરજન મંગાવું,
જોવાથી આયા બોલાવુંરે હાલ હાલ હાલ
આયા ઇધર આવ, બાબાગાડી લાવ,
બેબી રોતા હય, ફીરને લે જાવ, અલુંલુલુ હાલ હાલ હાલ.

સંસાર લીલા—

ન જીવણુ પ્રાણુમાં બાકી ન ચેતન તનમહીં બાકી
છતાં એ નાથમાં મારો અચળ વિશ્વાસ છે બાકી
જગતની હું નથી સ્વામી, જગત મારૂં નથી સ્વામી,
તમે મારા ન જો સ્વામી બધીએ આશ છે બાકી,
જગતના બંધનો તુટયા, નયનમાં આંસુઓ ખુટયાં,
જીગરના તાર છે તુટ્યા, રે છેલ્લો શ્વાસ છે બાકી.

સંસાર લીલા—

ભોળી હું જગમાં ભુલીરે જુઠા જગમાં
ફોગટ ફેશનમાં ફુલીરે, જુઠા જગમાં.
આકળને મોતી જાણી, અબળા હુંસી અટવાણી,
પહેલાં પરખ્યું નહીં પાણીરે....જુઠા....ભોળી.
નરદંભ પ્રેમમાં ડોલે, હું તારો એમજ બોલે.
મુખ અમી અંતર વિષ ઘોળે રે....જુઠા....ભોળી.
દેખ્યા વિણુ ડગલુ ભરીએ, ભવરણમાં ભટકી મરીએ,
જોઇ પાત્ર પ્રેમ તો કરીએ રે....જુઠા....ભોળી.

દેશ દીપક—

મિથ્યા થશે ભવિનાં
વિધિની, ગતિની, નવ ગમ પડી....કદી પડેના
લખ્યા જે લલાટે લેખો....કોઇ ફરેના
કળી ના-શકો કો પ્રાણી....હરિની ઘટના

દેશ દીપક— (સ્વપ્નાં)

સખી સ્વપ્ન બધાં (૨) નથી કોઇદી સાચાં પડતાં
અલીએ શમણાં, મનની ભ્રમણાં, કુમળાં દિલ વ્યર્થ દુભવતાં
૧લી–સોળ વરસની હું રસરમણી; સ્વપ્ને નાનો ડીકો પરણી
રડી રડી રાતલડી ગાળી રસભર રજની વ્યર્થ બગાડી
જાગીને જોયું તો–સુંદર શ્યામ હતા મન ગમતા....
૨જી–મને સ્વપ્ન બાઇ એવાં આવે, નવી શોકય નાવલીયો લાવે,
શોકલડી એ ખુબ સતાવે, મને ભુવનની બહાર કઢાવે
જાગીને જોયું તો—નણંદલ વીર દીઠા કરગરતા....
૩જી–હું સ્વપ્નમાં બની ઇન્દ્રાણી, ભરે અપ્સરા મારૂં પાણી,
દેવલોકમાં દેવી મનાણી, થકી સ્વર્ગિય વૈભવ માણી,
જાગીને જોયું તો—મારા રસિયા પહેરો ભરતા....સખી.

દેશ દીપક—

જુવાન નરની પ્રીત નકામી, પળપળમાં પલટાય,
ઉપરનાં આડંબરથી, ભોળી બાળા ભરમાય.
સોળ વરસની સુંદરી ઘરમાં, પરણ્યા પરઘર જાય,
રસનાં ભોગી ભૂખ્યા ભમરા, ફુલફુલ ભટકી ખાય.
બધા પુરૂષ એવા નથી હોતા, એ વાતો ન મનાય.
આજકાળ સોમાં નવ્વાણું, નર પરસ્ત્રીને ચ્હાય,
મારૂં માનો તો બીજવરને, પરણો સઘળાં બાઈ,
ઘરડા ધણી આજ્ઞાંકિત કેવા, પરણીને સમજાય–જુવાન.

દેશ દીપક— (નાચ)

યાદી સતાવે અમને દીલદાર યાર તારી રે,
એ બે કદર ન કીધી તેં, કંઇ કદર અમારીરે,
ગુલ્ઝાં અમે બીછાવ્યાં, તેં ત્યાં બીછાવ્યા કાંટારે,
રાતો હજાર વીતી સુની પડી પથારીરે.

દેશ દીપક—

દેશ દીપક દેવાંશી, ચંદ્રની જનની જયકારી
ભૂમિમેવાડ મનોહારી....
રાણા કુળમાં રામ સમા જ્યાં, જનમ્યા અવતારી.
જન્મ ભૂમિનું ઋણ ચુકવવા, દેતા શીષ ઉતારી,
પુત્રધર્મનું પાલન કરતા, અડગ ટેક ધારી સુયશકારી
વિરોની, જનની જયકારી,
દેશ દીપક.

દેશ દીપક—

અગર અમારા બનો જો દિલબર–વાવુ ઘરઘર નગરમાં કેસર
થશો અધિર નહિં જરા રસિકવર, તમારી મુર્તિ જીગરની અંદર
તમને બાંધુ જીગરને કટકે, હસાવું તમને નયનને મટકે
મીઠાઈ મેવા પુરી કચોરી,
કેરીનું ખાશું પ્રીતે કચુંબર, જોતાં તમને મનડું મહકે
જપુ મુખડે તારે, મીઠાશ છલકે, પાશું પીશું પલકે પલકે
મીઠા અધર રસ અધર ઉપર.

દેશ દીપક—

હાંહાંરે જેવા રાજા, બની હું તેવી રાણી
વાલા હકરાણા માગો તે સઘળું આપુ આણી
હવે હું ભરવાની સોનાને બેડે પાણી
સાગ શીશમના ઢોલીયા લાવો, ફુલની સેજ બીછાવો
ખસને પંખે પાણી છાંટી. પવન મને નંખાવો
પોઢે પ્રીતે પછીથી પટરાણી, મોંઘી મજાઓ માણી.
માગો હ્યો સઘળું કહો ખુલ્લે ખુલ્લી દીલની વાત
ચાર દીવસનું જોબનીયું પાછળ અંધારી રાત
તારે નખરે થયો હું પાણી પાણી....

દેશ દીપક— (હું નવી કે દુનીયા નવી)

મને કોઇ તો સમજાઓ, આ સ્નેહી સજ્જન,
આજ હું છું નવિન, કે આ દુનિયાં નવિન,
છુપું છુપું બજાવે, કોણ હૈયાનું બીન........મને૦
ગાન હૈયે ઉઠેને, વિશ્વ બોલી રહે,
ઘેન નયને ભરાય, જગત ડોલી રહે.
કહો બોલાવે કોણ, હૃદય ડોલાવે કોણ ?
મને કોઇ તો બતાવો, એ તંત્રી પ્રવિણ–આજ હું છું નવિન.

દેશ દીપક—

અમી હલાહલ મદભર્યાં, શ્વેત શ્યામ રત્નાર
જીવન મરણ ને વશીકરણ, ત્રણ લોચનના માર

રમણીનાં નયનોનાં લાખો શીકાર
બચે ન નર બીચારા જ્યાં વાગ્યા એ માર...રમણીનાં.

તીર કે સમશેરથી તો અંગ ઘવાતાં
અંગઅંગ નયનના કટાક્ષથી વિંધાતા
ત્રીલોકમાં મળે ન કોઇ જેનાં ઉપચાર....રમણીનાં.

દેશ દીપક—

જાદુ ભર્યાં તારાં નયનો સાંવરીયા,
કામણ કર્યાં કંઈક કાતિલ પાતળીયા
જીવની જડાઇ ગઈ હવે તું અમારી થઈ....કાં.

આવા કામણથી ભર્યાં જેના હોએ કંથ,
ભાગ્ય ફળે ભામા તણું, સુધરે સઘળા પંથ.
આવા છલઝલથી ભરી જેની હોએ નાર,
કેશવદાસ કહી ગયા એનો બેડો પાર....કાં.

દેશ દીપક—

હાંરે ભરને દે ગગરી
મોરી ટુટ ગઇ રેશમ દોરી—રે
મય બારા બરસકી છોરી મોહે સાસ નનદકી ચોરી
મોસે કાહે કરત બરજોરી—રે
કર છાંડ કલૈયાં મચકે મોરી બાલ કમરીયાં લચકે
હય બારી ઉમરીયાં મોરી—રે

મનોરમા—

બાઈ હું તો ભુંડા ભરથારથી કંટાળી (ગઇ)
મારી ખીલતી જુવાની મેં તો એળે ગાળી.
વાતો કરૂં જ્યાં હું હાસ્યને વિલાસની,
કહેતો તો ગમાર મને જા જા કંકાસણી,
કુમળા કાળજડાને નાંખે બાળી....હું તો ભૂંડા.
રોજ રોજ લોક મળે જોવા તમાસા,
એકલી બેસીને હું તો નાખું નીસાસા,
સળગે સંસાર ઘડી સુખની ના ભાળી. હું તો ભૂંડા.

મનોરમા—

રસીલી ફુલવાડી સોહાય, રસિકા ભાન ભુલી આ જણાય,
મધુકર કયાંય નહિ દેખાય, કુમારી આ ફુમળી કરમાય.

(સાખી)

જીવન કુમારાં પુલ સમાં, કુમારીનાં કહેવાય,
કોઈ કોઈના ચરણે ચઢે, કોઇ વનમાં કરમાય,
મોઘાં કૈં ફુલડાં એવાં, જગતની વાડીઓનાં,
અરધા ખીલેલાં, મીઠી સુવાસે ભરેલાં,
અણુ ચુંટયાં અણુ સુંઘ્યાં, બહુ ફુલડાં કરમાતાં જોયાં.

મનોરમા—

સમી સાંજનાં આ સ્વપ્ન તને લાગ્યાં, રાતલડી કેમ જાશે,
નાની વયમાં મદનબાણુ વાગ્યાં, સાહેલડી શું થાશે.

રંગ ખીલે નારંગી તારા લાગે, શાને શરમાં તું ઉંચુ નીચુ ભાળે,
છાની છાની કહે કોને નિહાળે, બંધાણી કયાં સ્નેહ પાશે.
જાણી જાણી અજાણી શાને થાઓ, જુઠાં જુઠાં આ આળ કાં ચડાવો,
સખી જનની શરમતો કૈંક લાવો, જોશે તો કોઈ શું કહેશે.

મનોરમા—

હૃદય રમણી તણાં છુંદે, રસિકવર હો તો એવા હો
કરી મધુપાન ડંખોદે મધુકર હો તો એવા હો
અનેરી કૈંક આશાએ અમે તો કાંઠડે આવ્યાં
રહ્યાં તરસ્યાં જીવનભરનાં જો સાગર હો તો એવા હો
દીધાં કૈંક દંશ મર્મોમાં નલિનીનાં જીવન સોપ્યાં
અચાનક છેહ આ દીધા સુધાકાર હો તો એવા હો
નયનમાં આંસુના સાગર હૃદયમાં આગના ભડકા
અમે બળતાં તમે હસતા દયાકર હો તો એવા હો

મનોરમા—

આવ્યું જોબન શું, કોઈનાથી ઢાંકયું ઢંકાય,
એક માળે પુરાતાં, તો પંખી મુંઝાય.
દરદી દીલડાનાં દરદો, તો દીલમાં સમાય,
કોઇને કહીએ જઈ જગમાં, તો હાંસી થાય.
આવે ઉમળકા કયારે, પરણી સાસરીએ જાઉં,
મનમાન્યા મોહનવરની, કયારે માનીતી થાઉં.
કયાં સુધી લાજ આ રાખી રખાય.

મનોરમા—

રસભર રમીએ રજની આજ, કાલ કહો કોણે જોઇ છે,
કાલ કહો કોણે જોઈ છે. (૨)

રસ રસરૂપ ભગવાન મનાતા, રસ જીવનનો સાર,
રસ લુંટતાં રસ પાતાં પીતાં, જવું મુક્તિને દ્વાર.
રસ ક્યારી સુંદર રમણીઓ, ગુરૂ છે રસ અપાર,
રસના રાસ રચાવી રસીલાં, લુંટો રસ પુરબ્હાર.
રસીક મુક્તિનો પંથ અમારો, રસ નિધિ પંચમકાર,
એને જાણે તે સુખ માણે, આ સંસાર અસાર.

મનોરમા—

જગતમાં જુઠી પુરૂષની પ્રીતી સ્વાર્થની સંગે એ રમે
સ્વાર્થની સંગે એ રમે ફુલફુલ ઉડીને ભમે.
જયાંલગી ખીલતી ફુલવાડી અલી પરવશ બની જાય
તેમ ખીલતા નારી યોવનપર વિલાસી નર લલચાય
મધુરી એની અંગ કળા કરમાય ખીલેલી જુવાની ઝાંખી થાય
ભ્રમર નર ઉડીને ભમે—જગતમાં.

મનોરમા—

પ્રેમે થયા દીવાના, સ્વર્ગીય સુધા પીવાના,
કંટક તણાં બિછાનાં હોજો, ભલે સુવાનાં.
નયને સનમની જયોતિ, હૃદયે સનમનિ મૂર્તિ,
મંદીર ક્યાં જવાનાં ?

જાનો અગમ નીગમનાં ગુણાં, પ્રીતી વિનાનાં,
દુનીઆં કહે દીવાના, તેને કશી તમાના.

સેવકધર્મ— (જોગનકી જુવાની)

"જવાની ભી અજબ અંદાજસે રંગત જમાતી હય
કહું કુચ્છ હાલે દીલ અપના તો મુજકો શર્મ આતી હય
છુપાઉં કબતલક ઈનકો યેહે ખુદ ઉઠ ઉઠકે આતે હય
યે દોનોં બેહુયા બનકર મુઝે હરદમ સતાતે હય."

ઓ જોબનવાલારે જોબનકો જરા રોકલે—ઓ.

આનભરા રસમેં ચતુર નહીં બસમેં
બાલા જોબનરે યેહે નાહીં મેરે બસમેં—ઓ.

બીસમીલ મેરે બસમેં ખંજર મેરે બસમેં
બાલા જોબનરે યેહે નાહીં મેરે બસમેં—ઓ.

સેવકધર્મ— (મારવાડી ગાયન)

ઈન અખીંયાદા તીરવે ખાલી કદી ન જાય
દીવા મ્હારે રૂપરી અગ્નીસોં જલ જાય
હુંડી વાલો શેઠનવા નહીં આયોરે (૩)
મેરે હોટોંતે લાલી રવે સુન્ના બાગ બીનમાલી શેઠનવા
મારી સેજરીઆ આડી
અઠે કૌન સોએ મારવાડી—શેઠનવા

"રા" માંડલીક—

વીજ ચમકેરે મેઘ ગાજે ઘનઘોર
ભીંજે આછી આછી સાલુડાની કોર
રે રાજ વ્હેલા આવોરે
મોર ટહુકેરે માઝમ રાતના ટહુકે છે પેલા મોર
અમારાં હૈયાં ચડાવે ચકડોળ.......રે....
ભર જોબનમાં એકલી બાળા બાળે વેષ
હૈયાં સુનાં વ્હાલમાં મુકી ગયા શું વિદેશ
વિજલડીરે ઉભી જો રહે તો વ્હાલમને કહાવું
એક વાતલડી જો.
સજની સલુણાને એટલુંજ કહેજો કે
તમ માટે ગાળી મેંતો જાતલડી જો.

"રા" માંડલીક— (ગરબી)

ચલરે ગાગર ચલરે ગાગર જમનાજી જઇએ
જમનાજી રળીયામણુંરે ગાગર ઘુમે—ચલરે
સાસુ સસરા તો મારા દિવસે ન દેખે
જેઠ જેઠાણી કોણુ લેખે (૨) ગાગર ઘુમે—
પરણ્યો મારો તો પીટયો ઉંઘનો છે એદી
લુલી નણુંદને પગે મેંદી ગાગર ઘુમે
પાડોશી છેલ કોઈ કુંવર કનૈયો
વારી જાઉં બંસીનો બજઇઓ ગાગર ઘુમે—

"શા" માંડલીક—

અલી ગાલો ગુલાબ તુલ્ય તારા સંભાળ જરી બાળા
ભોગી મધુકર જો લોભાશે
ચુંબન આશે આવશે પાસે
" એમ...........હા.
રસિલાની લુંટાશે પુલમાળા સંભાળ જરી બાળા
જાઓ બ્હેની મને ના સતાવશો
સ્મીત પુષ્પે વ્હાલમને વધાવશો
થા કંઠ આભૂષણું થા
જા જાણી જાણી તને જા
ડંખ દેશે ગાલે એ રસાળા સંભાળ જરી બાળા

વીર તાનાજી—

ડીયર જો જો ન ભૂલ થાપ ખાશોરે
તમે જુબેલી બાગ માંહી આવજો. ડીયર૦
લહેરીપુરેથી લાલાની ખજુરી
સુરસાગર પરથી પુરી પકોડી
જોડે મેવા મીઠાઈ કાંઇ લાવજોરે તમે૦
સાડી હશે મારી ભુરી વાયલની
સીટી મારીને પ્રીતમજી તીણી
મને બેન્ડ સ્ટેન્ડ પરથી બોલાવજોરે તમે૦

વીર તાનાજી—

ગરમ જલેબી મારી ઘર ધણીઆણી છેરે સ્વાદ તણો તું ટુકડો
બુઢ્ઢા બુઢ્ઢીની જોડ મઝેની તું કુકડી હું કુકડો.
ગુડસ ટ્રેનનું તું ઈંજીન બને તો હું ડ્રાઈવર તેનો થાઉં
છઅ છઅ પૈસા કરતું ચાલે મુંબાઈ શહેરમાં જાઉં — છે૦
ફેશનેબલ મારી ચસ્માવાળી, સૃષ્ટિ તણો તું નમુનો,
હું બેલ છું બુઢ્ઢો ખચ્ચર, તું છે ખટારો જુનો. — છે૦

વીર તાનાજી—

મીત્ર મીત્રમાં ફેર છે, તાળી મીત્ર અનેક છે;
મન મીત્રો દુનીઆ મહી, કંઈ લાખનમાં એક છે.
શાણા કઠીણ કસોટી કરીએ........
મીત્ર શબ્દનું મુલ છે મોઘું, મીત્ર હૃદય પારખીએ. શાણા.
કોઈ લાડીના, કોઇ વાડીના, ગાડીઘોડામાં ફરતા;
આપ્રત સમયે, પાસ ન આવે, દશા જોઇને હસતા.
અનેકે એક રત્ન મેળવીએ........શાણા.

વીર તાનાજી— (સમયના રંગ)

પૂરે સમય સુકાન, (૨)
દશાપૂરે બુદ્ધી પૂરે, ભૂલે મુનીવર ભાન; (૨)
મ્હેલ ઝરૂખા બાંધ્યા, લક્ષ્મી અપરંપાર,
થતાં ભસ્મીભૂત જે સમયે, જેવા ઉજડ વેરાન,—પૂરે૦
પાપી જગે પુજાય છે, રહી પાપે મસ્તાન,
ધાડ ધર્મી ઉપર થાય છે, ખાવા ન મળે ધાન.—પૂરે૦

વીર તાનાજી— (ફારસનું)

થશો ફેશને ખુવાર તમે સમજો લગાર ભાઈ,
સમજો લગાર ભાઈ;
પછી મીસીસ મીસ્ટર થઇને માલશે બાપુ.
બાપદાદાના નામ બેટા બોળશો શું આમ,
પડી ધુળ પાણીમાં પછી ધોવાશે બાપુ.
બેસી મોટરે ફેશનથી ફરશું ફરરરર,
મીસીસ મીટીંગોમાં જઇને ભાષણ કરશે કરરરર.
હતભાગી ભારત કેરો કયમ થાશે ઉદ્ધાર,
બસ ફેશનથી થઇ જાશે બેડો પાર પાર પાર.

રા' કુવાટ—

આજ લંગરવા લાલકો લુભાવું
સજું મંચ અચેસે સંગાર
મોરી સજની—આજ.
નાક નથનીઆ બીંદી બનાવું
સજી શણુંગાર રસરાજ રીઝાવું
હરિ કો. હાર મય બન જાઉં—આજ.
આજ મોહન જબ આવે મંદરવા
ફુલોંસે સેજ બિછાવું સખીરી ફુલોં—
લદ્દુ બના દું આજ લાલકો
તન મન શુદ્ધ બીસરાવું સેજરીયાં
અચેસો રંગ જમાવું—આજ.

મહાદજીશિ દે—
તારી કળા ન કળાય કોઈથી ઇશ નીમીશમાં કાંઇ કરે તું
કર્મ અકર્મ અકર્મ કર્મ કરી અઘટીત ઘટના ઘટીત કરે તું
દમયંતી તારા સાવિત્રિ સમ કુસુમ કોમળ સુંદરી
કરી જીવનમાં વનવાસીની એ અજબ કૃતિ તારી હરિ
જ્યાં ગ્રંથ વાંચું સૃષ્ટિના તો વિરહના પાના જડે
ક્રૂર થઈ કીરતાર તુજને એવું લખવું કાં પડે.

મહાદજીશિંદે—
આલમના મહેમાન માનવી બે દીન અહીં ટકનાર,
અરે આ માટીનો સંસાર.
ધન વૈભવને માલ ખજાના માટીમાં મળનાર,
માટીનો તું અરે માનવી માટીમાં સુનાર.
આલમની ફુલી ફુલવાડી બે દીનમાં ખરનાર,
કાળ ઝપાટે જીવન રોશની જરૂર અસ્ત થનાર.

શાલિવાહન—　　(ગઝલ)
રસીલાં પ્રેમીના હૈડાં પ્રીતમમાં રાત દિન રમતાં,
સલુણાં શ્યામનાં સ્વપ્નાં નજરથી ના ઘડી ખસતાં.
પ્રીતમ જો હોય પાસે તો બધુંયે વિશ્વ પાસે છે,
વસે દુર જો નજરથી એ જગત આ શૂન્ય ભાસે છે.
અધુરા એ સવાલોના જવાબો પ્રેમીઓ ખોળે,
અજબ ઉત્તર એ પ્રશ્નોના, એ પ્રશ્નોમાં લખાયા છે.

શાલિવાહન—

મારી સામે ન જોશો જરાય–નજર મને લાગેરે,
જોતાં નયને નયન ઢળી જાય, નજર નહીં લાગેરે.—
ભૂલી મને હું સૌને ભૂલાવું;
ભૂલો નહીં એવા ભેદ શીખાવું,
મીઠી મુંઝવણી થાય–નજર મને લાગેરે.—
જાદુગરી તેં જાદુ ચલાવ્યાં;
મોહન મંત્રથી ભાન ભૂલાવ્યાં, કોને ખબર શું થાય.—

શાલિવાહન— (ગઝલ)

મીઠી નજરના તરસ્યાના તરસ્યા બની રહેજો,
સિંધુ તમે તો બિંદુ સમ અમને ગણી લેજો.
છે સાગર હૃદય તમારા, ત્યાં શાં અભિમાન અમારાં,
નિભાવજો શરણાંગત જાણી હોય સહી લેજો.
જીવન તમારે ચરણે આત્મા તમારે શરણે,
મમ આત્મ તણા પરમાત્મ બનીને અંતરમાં રહેજો.

એ કોનો વાંક ?—

ચુંબન વીણ તો સ્નેહ ન જામે.
(તમે) જુઓ જગતના ખેલ (૨)
ચુંબનને ચટકે ધોવાયો, સ્નેહી મનના મેલ—તમે
—હારે જ્યારે વહતા વાણી આંખે આંખ હસી લે લ્હાણી
દીલથી દીલ દબાવી કહેતું, કંઈ કંઇ કીસ્સા કહાણી
વસમી વાતો એ મુશ્કેલ, સમજવી નથી અન્યને સ્હેલ–તમે.

—પશુ પક્ષીઓ જુઓ બીચારાં
વાણી વીણુ વીચરે દુખીયારાં
સ્નેહ ઉમળકો મૌન વૃતિએ શમાવે ચુંબન દ્વારા
નીર્મળ સ્નેહ તણી એ વેલ
પોશવી ચુંબનથી કરી મ્હેલ—ચુંબન.

એ કોનો વાંક ?—

ખાન્દાની નથી તુજ ખમીરમાં
ભલે ગણુતી થાતી હો અમીરમાં—ખાન્દાની.
સ્વાંગ શાહુકારીનો કર્મો છે કાળાં
છુરી બગલમાં કરમાં છે માળા
પડયું સોમલ સુધાસમ ખીરમાં—ખાન્દાની.
દુરથી દેખાતા ડુંગર રૂપાળા
હૈયા હેઠળ હાય પત્થર કાળા
ન હોય સંભવ કુન્દનનો કથીરમાં—ખાન્દાની.

એ કોનો વાંક ?—

હો મુસાફર જાગ જાગ સુતો શું સોડ તાણી
પંથે પડી ચાલ ચાલ, સમયને અમુલ જાણી—હો.
ઉંઘમાં ગુમાવી તેં ઘડી જે ભલે ગઇ તે ગઈ.
સમયનો કરી લે સાથ બાજી હાથ રહી તે રહી.
તીમીર ટળે પાપ બળે કાન્તિ મળે શાન્તિ મળે
ભાવીને તું ભેટ હસી.
શાને લાવે આંખ પાણી—હો.

એ કોનો વાંક ?— (કાકો ભત્રીજો)

કયાં ચાલ્યા ઓ કાકા નહિ દઉં જાવા.
—મસાણુમાંથી ઉઠી આવ્યો મફત મલીદા ખાવા—કયાં.
—સુના આ સંસારમાં મને કોણ દીલાસા દેશે
—કાકી તારી ઉભી આંગણે તારાં છાજીયાં લેશે
—કાકા વિયોગે તારા મરીશ હું ઝુરી ઝુરી
—કોનસ્ટેબલનો કાન પકડી તારી ભરીશ જુરી
—ગોળને પાણીએ નાહી ક્રિયા કરજો પુરી
—તે દહાડે તો દીકરા હોંશે ખાશું લાડુ પુરી—કયાં.

એ કોનો વાંક ?—

ધીમા ધીમા ચાલો રે મુનીમજી
પતલી કમર બલ ખાયરે
બાણ નયનોનાં એવાં કાતિલ
જડ પત્થર આ પાણ થઈ જાય—ધીમા ધીમા.
—જખમો ઉંડારે શંકરીયા
દીલના આજ સહ્યા નવ જાય
જેઠીમાં જીવ પેઠો મારો
—ચોકે પડયો ચુંથાય રે
—અરરરરરર હાય, અહીં કંઇ થાય—ધીમા.
—સુણ સુણરે શંકરીયા તું દીયરીયો મારો થાય
—છે બહુ પાકો મારો કાકો
કોણ તમારો એ થાય.
—અરરરરરર હાય અહીં કંઇ થાય—ધીમા.

ભીષ્મપિતામહ—

રૂડા રૂપાળા બહુ બહુ જોયા, પણ અંતરના મેલા,
ઉપર ઈંદ્રામણા સરીખા, અંદર ઝેર ભરેલા.
ચંદન વૃક્ષે સાપ રહે તેમ, સજ્જનમાં દુર્જન ખળ છે;
સુગંધથી સમજાશે સઘળા, કસ્તુરી કે કાજળ છે—રૂડા.
કરી આકરી પુરૂષ પરીક્ષા, ગુણના સાગર ગોતી લ્યો;
તજી શંખ શેવાળ સમાને, મહા મૂલ્યનાં મોતી લ્યો—રૂડા.

ભીષ્મપિતામહ—

એક પત્નીના પિયુની પ્રેમી, ભૂષણ સૃષ્ટિનું લેખાય;
એ દંપતીના લાડ કોડ સૌ, સંસારે સુખથી સચવાય.
પરમી પ્રેમ અખંડ પ્રભુ પણ, સંકટ સમયે કરે સહાય;
જુઓ સુકન્યા સાવિત્રિ જે, સતીમાં મુગટ મણિ દેખાય–એ દંપતી.
એક પત્નીવ્રત રામચંદ્રનું, પામ્યાં જનક સુતા જ્યાં ન્યાય;
અખંડ પ્રેમ વડે એ દંપતી, ઈશ્વર રૂપે બધે પૂજાય–એ દંપતી.

ભીષ્મપિતામહ—

બળવાન વિધિના લેખ, બહેની, બળવાન વિધિના લેખ;
એમાં થાય નહિ મીન મેખ— બહેની.
એક ગુલાબનાં ફુલડાં બહેની, માળીની છાબે વેચાય;
એક ચડે મહાદેવને, બીજું પગ તળે કચરાય—એમાં.
પંખીના મેળાની પેઠે પિતા ઘેર, પુત્રીઓ ભેળી થાય;
પિયર મેળો બે પહોરનો, તજી ભાગ્ય લગે ઘેર જાય—એમાં.

ભીષ્મપિતામહ—

ભૂમંડળમાં સરવે જોયા, લક્ષ્મીને ભજનારા;
શ્રીમંતના પગલાં પણ સારાં, નિર્ધન મુખ નઠારાં-ભૂમંડળ.
ધનવાન ઘેર ધક્કા ખાતા, સરસ્વતી સુત ગુણના જ્ઞાતા;
લક્ષ્મી તન મૂરખ પૂજાતા, વિદ્યા ઉપાસક સૂકાતા—
ધન્ય ધન્ય છે લક્ષ્મી માતા, અકળકળા તારી વિખ્યાતા;
વાહ, વાહ, વાહ—ભૂમંડળ.
રાંડ ભાંડ નાટક કરનારા, શોધે શ્રીમંતને ગાનારા;
અમૂલ્ય રત્નના જોઇ ચમકારા, ખમા ખમા કરે બ્રાહ્મણ સારા;
અવગુણ સઘળા ઢાંકી નાંખે, પૈસાના સઘળે પોબારા—ભૂમંડળ.

ભીષ્મપિતામહ— (ગઝલ. સ્ત્રી હઠ.)

હઠે ચડયાં જણ ચાર, વાર્યાં તેતો નવ વળે,
નૃપ જોગી સ્ત્રી બાળ, મુવા સુધી હઠ નવ મૂકે.
રાજા જોગી બાળ શાંત રહેનારા, કળા કૌશલ્યથી વશ હોનારા;
અબળાનું ઔષધ કોઈ ન જાણે, માથું કુટે કુટે સુંદર પાણે—રાજા.
ખુશામતે રીઝતો ભૂપાળ, માતા મનાવે હઠે ચડયું બાળ;
જોગી સેવાથી કદીપણ રીઝે, વનિતા વસમી વેણમાં ખીજે—રાજા.
રામા રહેશે તો આપ વિચારી, ચાલે નહિ તેના બાપની કારી;
ધાર્યું પોતાનું એ નિશ્ચે કરશે, હઠે ચડી કોઈથી નવ ડરશે—રાજા.

ભીષ્મપિતામહ— (સ્ત્રી પુરૂષવેશમાં)

સ્ત્રી શરીરનાં લક્ષણો મારાં, શી રીતે છુપાશે;
નિતંબ મોટા કેડ પાતળી, યુવા કેમ જળવાશે—માજી—સ્ત્રી.

નેત્ર બાણુ મારાં નહીં છુપે, રમણી સમજી જાશે;
જોબન મારૂં હસ્ત મેળાપે, જરૂર ઉન્મત થાશે–માજી–સ્ત્રી.
પોગળ મારૂં જરૂર ત્યાં તો, કન્યાને પરખાશે;
સાસરીયામાં થશે ફજેતી, જીવ રખેને જાશે–મારો–સ્ત્રી.

ભીષ્મપિતામહ—

મીઠી મીઠી આંબલીઆની ડાળરે, કોયલડી ટહુકા કરે;
સુણેના સાસુડીનો બાળરે, સાદ તાણી તાણીને મરે.
કોણ જાણેરે એનો વિરહિણીનો વેશ,
વીતી જાણેરે જેનો પિયુડો પરદેશ;
ન રહે ભાન તેને લેશ (૨) ઘેલી ફરે છુટે કેશ–વીતી જાણેરે.
જ્યાં મન સાથે મન મળ્યું, ત્યાં તન મન ધન ડુલ;
અનઘડથી અંકાયના, પ્રીતલડીના મૂલ. કોણ જાણેરે–મીઠી મીઠી.

ભીષ્મપિતામહ— (પરણ્યાની પહેલી રાત)

પરણી વર કન્યા રમે, રજની રતિ રંગ ભોગે;
સ્વર્ગ સુખ કેમ પરહરો, પ્રથમ રાત વિયોગ.
આઘા આઘા શું જાઓ છો રીસમાં, શું જોડયું છે ચિત્ત જગદીશમાં;
શીદ પરણ્યા પિયુ ત્યારે પ્રીતથી, રહેવું હતું કુંવારા એક ચિત્તથી–
આઘા.
લ્યો લ્હાવો અવસર રૂડો જાય છે, મારા મનડામાં કાંઈ કાંઈ થાય છે;
જાણે ચુંબન આપું ભીડુ બાથમાં, રમશું રજની રૂડી રહી સાથમાં–
આઘા.

ભીષ્મપિતામહ—

અહો ધર્મ કર્મ વિણુ, અખંડ સુખડાં ક્યાં મળશે ક્યાં મળશે,
પરભવનાં પાપો ક્યાં બળશે, તન મનના તાપો ક્યાં ટળશે–અહો.
ઉંચું જોતાં નર આખડશે, નીચું જોતાં ઉંચા ચડશે;
પોતાનું પોતાને નડશે, નહી જળમાંથી માખણુ જડશે,
હરિ ચરણુ શરણુમાં તાપ ત્રિવિધના, સહુ ટળશે સહુ ટળશે–અહો.

ભીષ્મપિતામહ—

જેને સ્વજન કુટુંબી કુપાત્ર મળે,
તેના સુખ તણી નવ આશ ફળે—જેને૦
અતિ ક્લેશ થકી દીલતે કકળે,
વળી અગ્નિ વિના દિન રાત બળે—જેને૦
જેના સ્નેહી સંબંધી સુપાત્ર ઠરે,
અહો તે જનનું સદ્‌ભાગ્ય ખરે—જેને૦
મનવાંછિત ઇચ્છિત અર્થ સરે,
જન્મી જન જન્મ સફળ કરે—જેને૦

એકજ ભુલ—

મને ભોળીને ભરમાવી રે મા કેમ કરૂં ?
અણુસમજુને ફોસલાવી રે મા કેમ કરૂં ?
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે
મારૂં દીલ લલચાવે પેલો ગરજી,
પ્યારી કહીને બોલાવે એની પાસે કેમ ફાવે ?

એ તો સાંભળે ન એકે મારી અરજી.
છાતીમાં તો અરરર રરરર અરરર રરરર થાયરે–મા.
એના મોઢાની મીઠાશ એ તો જાણે નાગ પાશ,
પછી હોય કે ન હોય મારી મરજી,
કરે પરાણે એ પ્રીત, એ તે કયાંની મરજી,
થઇ બેસે છે ધરાર મારો વરજી !
છાતીમાં તો થરરર રરરર થરરર થાયરે મા કેમ કરૂં !

અધપતન—

નાચે છે મોર, આલી નાચે છે મોર,
　　　　　　બ્હાલમની વાડીમાં નાચે છે મોર
નાચે છે મોર મારા ચીતડાનો ચોર
　　　　　　બ્હાલમની વાડીમાં નાચે છે મોર
પડે વર્ષાદ ધોધાર, ગાય યુવતી મલ્હાર
પ્રેમ વીણાનો તાર કરે વાગી ઝંકાર
કળા ભરી મોર, કરે ટુહુ ટુહુ શોર
　　　　　　બ્હાલમની વાડીમાં નાચે છે મોર.

એમાં શું—

સુંદીર સાહ્યબારે મને શાને ? લીધી ત્હારી બાથમાં
રોકયું હૈયું નારે મારા હાથમાં　　　　સુંદીર.
આ શું સાહેબોની એટીકેટ છે,
તું તો જેન્ટલમેન પૂરો અપટુડેટ છે,

પ્રેમ મંદિરનું ચુંબન ગેટ છે,
એ તો ગ્રહસ્થાઇની સરટીફીકેટ છે,
સદા રહેવું રમણીઓના સાથમાં. સુંદીર.

જીવન નૌકા—

અમારા સ્નેહ ભર્યા સન્માન
સોહાગી સ્વીકારજો હો રાજ
હૃદય નંદન વનમાં પુલપાન–સોહાગી સ્વીકારજો હો રાજ
મન મંદીર અધીક અજવાળ્યું,
ઉર આસન સુંદર બીછાવ્યું .
અભેદ પ્રીતી દાન રસીકને [૨] —સોહાગી
પ્રેમ અંજલી ભેટ ગૃહીને
વ્હાલ વધારો વ્હાલા રહીને
અરપ્યાં તન મન પ્રાણ ચરણમાં [૨] —સોહાગી

જયદેવ—

બાઈ મ્હારી ફુલવાડી શ્યામે લુંટી
પુલ મહારાં મોંઘેરાં લીધાં ચુંટી–બાઈ૦
છાનો આવીને છુપાયે,
હવે શું કરૂં ઉપાય મારી ધીરજ ખુટી–બાઈ૦
પુછું ત્યારે પાય લાગે
કાલો થઇ માફી માગે (૨)
કરૂં વશ કેમ એને કોઈ તો બતાવો બુટી–બાઇ૦

વીર માનસિંહ—

હિંદ ભુમિ છે માત અમારી, પ્રભુ અમારો તાત
માનવ જાત વસે આલમ તે, બધા અમારા ભ્રાત

પ્રજા અને રાજા બન્ને, છે એક એક દાસ,
ધર્મ ભુલે રાજા રૈયત તો નક્કી થાય વિનાશ.

સાખી { જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી,
અન્યાયથી જે રાજ્ય કરતા, રાય એ ટકતો નથી.

સાખી { માની પ્રજાને તુચ્છ જે નૃપ ગર્વથી કુલાય છે,
તે જાણુતો નથી ઝાઝી કીડી, સાપ તાણી જાય છે.

આંખ ઉઘાડી જુઓ બાદશાહ ? કોણુ રંક ને રાય ?
માટીની કાયા છે સહુની, માટીમાંજ સમાય.

નુરેવતન—

બજારે ઇશ્કમે ગ્રહાક હુવ કોઈ પુકારે !
મઓસમી મેવા હું મએ સસ્તા ખરીદારો ! !
સીનેપે ઉભરે હુવે દો અનાર હુએ.
દીન એહુ શબાબકે કએસે પુર બહાર હુએ ?
"ન કોઈ મુજકો એહ ફરમાએ બેવફા દીલ હું."
"અનોખી, જીન્સ હું, પ્યાસ હું, બાહયા દીલ હું."
"ભરી હુએ દર્દે મહુબ્બતને બીજલીયાં મુજમેં."
"ખરીદ લે કોઇ મુજકો કે ચુલાણુલા દીલ હું."

ભજન—

મને કોઈ મેળારે ગોકુળીઆ વાળો ગારૂડી
જેરે જોઇએ તેને મ્હોં માંગ્યું આલું
આલુ મારા હૈયા કેરી હાટડી —મને૦
માથે મટુકી મારી મહીની ભરેલી
પ્રેમે ભરેલી મારી પારડી —મને૦
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ
ચરણ કમળ જાઉં વાટડી—મને૦

રાણા પ્રતાપ— —: ગઝલ :—

બલિદાન માંગતી હોય, માતા તો કયું છુપાઉં,
કિસ રોજકે લિયે હય, યે કયું કામમેં ન લાઉં.
જન્મભૂમિ જનનીકો, સંતાનકી દરકાર હય,
તબ ન આને કામ વો, સંતાનકો ધિક્કાર હય.
જબ બુલાવા દેશકા આયા, મંય કયું બયઠા રહું ?
યે તો ધન હય, પ્રાનભી જો ચાહો તો તૈયાર હય.
જીસ મીટ્ટીસે બનાહું, જીસ મીટ્ટીસે પલાહું,
ઉસ મીટ્ટીમેંહી મીલકે, કર્જ ન કયું ચુકાઉં—બલિ.

જુરેવતન— —: ઉસ્તાદી :—

ઝુમત આવે શામ મતવાલા,
એક હાતમે પ્રેમકી બોતલ, દુજે હાતમે પ્યાલા;
દેખો સખીરી લીપટ ન જાએ.
ટુટ ન જાએ મેરી મોતનકી માલા,
ઝુમત આવે શામ મતવાલા.

ભુલનો ભોગ—

મંય કયસે ભરૂં પનીઆ રે પનઘટપે,
નટખટ બોલત ઘુંઘટ ખોલત;
નૈન નચાવે કનૈયાંરે પનઘટપે—મંય કયસે.

ખ્યંસે પનઘટપે હુએ જખ, નયનવા ઘનશ્યામકા,
ઢુંઢતે લગે નાચને, દીવાના અમૃત જામકા.
પનઘટસે કહાં તું ભાગતી, ફરીયાદસે હય કામ કયા,
ઘટઘટમેં બાસી હય સદા, વો કાન ગોકુલ ગામકા.
લાજ ધરત નાહી જાદુ કરત વાહી, બંસીવાલા કનાઈ,
કરત ફીરત કામનીયાંરે પનઘટપે—મંય કયસે.

ચલતા પુર્જા— (ગઝલ)

મુરખ છાંડ વૃથા અભિમાન, અવસર બીત ચલ્યો.
હય તેરોદો દિનકો મહેમાન, અવસર બીત ચલ્યો હય.
ભૂપ અનેક ભયે પૃથ્વિપર, તેજ બલવાન,
કઉન બચ્ચો યા કાલ ગાલતે, મિટ ગયે નામ નિશાન.
અંત સમય સબહીકો તજકર, જાય બસે શમશાન,
ધવલ ધામ ધન ગજ રથ સેના નારી ચંદ્ર સમાન.
રે મન મૂઢ અંત જીન ભટકે મેરો કહ્યો અબ માન,
નારાયણ બ્રજરાજ કુંવરસો, બેગહી કર પહીચાન.

સાચો સંન્યાસ—

આવાં મીઠાં વેણુથી, આમંત્રણ જ્યાં થાય.
અમ સરખાં માણુસ થકી, ના તે કયમ કહેવાય?

હાં ફુલડાં વીણવા કદિ આવશું, મધુરાં ફુલડાં વીણવા કદિ આવશું.
પંકજશાં આ પગલે, કયારે સોહાવશો ફુલવાડી ?
ધીરા હો રાજ—મધુરાં.
તમારી વાડીનાં મોંઘેરાં ફુલ, ગુંથી કરૂં ઓઢણી અણમૂલ,
ધરૂં અંગે, ઉછરંગે, રૂપ આ છલકાઇ જાય. ધીરા હો રાજ–મધુરાં.

ભાગ્યોદય—

ચાલોજી પીયા ખેલો આજ હોરી.
તારી રંગ ભરી પીચકારી સોનેરી,
દેહ ભીંજાય જો, ગોરી ગોરી મોરી—ચાલોજી.
તું વસંતની વેલડી, લહેરે લળી લળી જાય,
તેમ તેમ મોહન મંત્રથી, મુજ મન ઝોલાં ખાય.
પીયાં તારા ઘેરાં નેનાં, કસુંબલ ઘેર્યાં નેનાં,
ઝોકે નાં જાજો વ્હાલા, રંગ ચુવે ને ભીંજાય સાડી મોરી-ચાલોજી

મતલબી દુનીયા— (નાચનું ગાયન)

ગઈ મેરી જાન રે ! ઘુંગરૂ છુડાદે અય સુબહાન !
નાચ નાચકર મય થક ગઈ, પીશવાજસે મય દબ ગઈ !
તાતા થઇયા કરતે મર ગઇ, મુઝે દે અમાન રે !–ઘુંગરૂ૦
નીગોડા એહ તબલા કુટે, સારંગીકી તારે ટુટે,
મનજીરેકી ટન ટનસે, એહ કુટે મેરે કાન રે !
ઉસતાદોંકી નાહક ઝીડકી, નાયકાકી ઉસપર ઘુરકી,
જલ જાએ ઠુમરીકી મુરકી, છુડા મેરી તાન રે !

ગારીબ મુસાફીર—　　(હોલી)

ફરમાતે હંએ જનાબ, કે હોલી સુનાઇયે,
કયુંકર સુનાએં ? આપહી ગાકર બતાઇયે;
અબતક પુરાને મુજરેકે, વાપસ મીલે ન દામ?
નવાબ સાહેબ, સીધી તરેહ દામ લાઇયે.
ક્યોન ખેલે સખીરી, અયસી હોલી?
ઉંચી દુકાનકા, ફીકા પકવાન હુએ,
ખાકર કયા ગાઉં, મય હોલી?

ઉસ્તાદી—　　(નયનોકા જુલમ)

પ્યારે તોરે નયનાં રે સીતમ કરે,
સીતમ કરે, (અરે વાહ વાહ !) જુલમ કરે;
(હાય હાય) ! ગજબ કરેઃ—પ્યારે.
હય ગજબ આંખોમેં, સુરમા લગાયા ન કરો,
ઉમ્ર બાલી હય, અભી પાન ચબાયા ન કરો.
હમારે સામને ગયરોંકો, બુલાયા ન કરો,
મુફ્તમેં જાન મેરી, અબતો જલાયા ન કરોઃ—પ્યારે.
ઇધર મીસ્સીકી દમક, ઔર પાનકી લાલી,
ઉધર જુગનુંકી ચમક, ઔર કાનકી બાલી.
ચારહી જુલ્ફે ઘટા, છા રહી કાલી કાલી,
તેજી કટાર ન મારો, સૈયાં મય મતવાલી,
જાદુ ભરીયાં નયનાં તેજી જખ્મે જીગરકો સતાયેરે—સીતમ કરે.

મતલબી દુનીયા— (જમાનાકા રંગ)

દેખા એહ આજ મયને, જમાના બદલ ગયા!
આંખે બદલ ગઇ હુંય, ફંસાના બદલ ગયા!
ફીતરતકે હર અસરમે, હુવા કયું યહે ઇનકેલાબ?
પાની ફલકપે, ખેતમે દાના, બદલ ગયા!!
મુજકો હુય એહ તાઅજ્જુબ, એહ ઇનકેલાબ કયસા?
દુનીયામે આ ગયા હુય, દઓરે અજાબ કયસા?

દેવકન્યા—

મુને ઘેલી કીધી છે નંદલાલે, છેતર્યાં છોગાળે.
મુને મારી નયનોનાં બાણુ, છેતર્યાં છોગાળે.
કોરી લીધું છે એણેજ કાળજડું મારૂં સખી,
ભુલી હું તો સાન ભાન, છેતર્યાં છોગાળે—મુને૦
મુરલી મધુરી વાગતી, વેધક નાદ અખંડ.
મોહન મંત્ર સખી ભર્યો, લોભાવે મુજ મન.
આસો માસે અટપટો, શ્યામળીયાજીરે વ્હાલા,
કૃષ્ણુજી કાળુડો નાગ, કોને ડસીયાજીરે વ્હાલા—મુને૦

ગારીબ મુસાફર—

દુનીયાંમે જો ચલા નેકી પર બેડા ઉસકા પાર હુવા,
માલ ખરીદા જીસને અચ્છા નફા મીલા જરદાર હુવા.
ખોટા સઓદા જીસને કીયા નુકશાન ઉઠાયા ખાર હુવા,
પરખા જીસને અપને આપકો, દીલકી કસોટીપર કસકર;
શરમીન્દા ફીર દુનીયામે ઇનસાન ન વોહ જીનહાર હુવા.

રામાયણ—　　—: કવ્વાલી :—

જો હય મંજૂર ધન-રક્ષા, તો ધનવાનો બનો દાની,
કુએંસે જલ ન નિકલેગા, તો સડ જાયેગા સબ પાની.
દિયા જલ હમકો બાદલને, તો ઉંચા હો ગયા બાદલ,
રહા નીચાહી સાગર, હય અદાતાકો પશેમાની.
કોઈ મરતા હય ધન દેકર, કોઇ દેતા હય ધન મરકર,
જરાસે ફર્કમેં બન જાતે હૈંય "જ્ઞાની" કે "અજ્ઞાની"

સતિ ઉજળી—　　(ગઝલ)

નથી સુખચેનની છાયા, સુખડ સંસારની માયા,
અકળ સંસારની ઘટના, રચી વિપરિત જગરાયા.
ઘડીમાં હર્ષ છલકાતો, પલકમાં આપતો પુરી,
કદી હો લગ્નનો ઉત્સવ, કદી જલ્લાદની છુરી.
સમજીએ આ જગત જંજાળ ખોટા રંગ સંધ્યાના,
પછી થાનાર ઘટનાના હરખને શોક તે શ્યાના.

છત્રવિજય—

સખી જોને કાંટો વાગ્યો ફુલડાં કેમ વીણ્યાં આ જાય ?
છે જરાક જેવો કાંટો પણ અંતરમાં ઉઠે લાહ્ય-સખી.
પીડા કારમી હૃદયે જાગી ઝીણું ઝીણું ખટકે ઓયમા
શું થાય કંઈ સમજાય નહિં જીવ જાય મધુરે ચટકે અરરર.
પીડા આશી કહેવાય ? ના સ્હેવાય
જીવડો જાય અરરર લવક લવક થાય—સખી.

સંસાર સાગર— (ગઝલ)

પૂછે મને તો હું કહું, દીલદાર હો તો આવી હો;
આંખો કહે જોવા ચહું, ચહાનાર હો તો આવી હો.—
મસ્તીભર્યાં નયન શરે, રસીકનાં હૈડાં હરે;
જોનારને ઘાયલ કરે, તલ્વાર હો તો આવી હો.—
સુધાભર્યાં અધરો પરે, અમૃત મધુર વરસ્યા કરે;
પીનારની તૃષા હરે, રસદાર હો તો આવી હો.—
શી ખબર અમૃત પીવાડી, અમર કરશે કે નહીં?
અમૃત તણા પ્યાલા ભરી, પાનાર હો તો આવી હો.—

સંસાર સાગર—

સંસાર તણો સાગર તરવા, અભિમાન કોઈ ના કરશો;
છે કામ, ક્રોધ, મદ, મોહ ભર્યો; એ મહાસાગર કયમ તરશો;
—સંસાર.

જો વિષય તરંગે લલચાશો;
તો વિષમ ખડકમાં અથડાશો.

નીતિ તણી નહીં નાવ હોય તો અધવચમાં ડુબી મરશો;
સદ્ધર્મ તણો નહીં હશે સુકાની, તો કયમ પાર ઉતરશો?

સજ્જન આ સંસારનો, કોઈ ન પામ્યા પાર;
ડુબાવનારા બહુ વસે, કોક જ તારણહાર.

સ્વચ્છંદ સફર જો કરશો, મુજ માફક ઝુરી મરશો,
એ મહાસાગર કયમ તરશો—સંસાર.

સંસાર સાગર—   (ગઝલ)

રસીલાં હૃદયના કોઇએ કરો ના ભરોસા,
છે બળતા અંગાર સમાં એ બાળી જશે.—
પુષ્પો સુંવાળાં માની પ્રીતે સાચવશો તો યે;
કારમા ડંખ તમને મારી જશે...............
ભોળાં પ્રવાસી મનોરથ ઘેલાં;
જગતના પંથ બાપુ! કાંટા ભરેલા,
ફૂલોનાં બીછાનાં માની ભરમે ના ભૂલતાં,
પાસે જશો તો ઝેરી નાગો હશે.—

સંસાર સાગર—   (ગઝલ)

જીવ બાળીને જીવાશે ક્યાં સુધી ?
આગ દિલડાંની છુપાશે ક્યાં સુધી ?—
જીગરને પૂછી જુવો તો એ કહે,
કે જુવાની વ્યર્થ જાશે ક્યાં સુધી ?—
કામનો અગ્નિ બુઝાવા આંખથી
આંસુઓ ઢાળી શકાશે ક્યાં સુધી ?—
છે પીયૂષ પાસે છતાં સંકોચમાં,
સાવ તરસ્યાં રહી શકાશે ક્યાં સુધી ?—

સંસાર સાગર—

જરા કહોજી રસરાજ આપ સ્નેહી થશો ?
હૃદયસ્વામી થશો, કે પ્રણયગામી થશો ?
ભોગી રસના થશો, કે યોગી સ્નેહના થશો ?—જરા.

નથી ભોગી સુંદરતાનો, સ્નેહનો હું યોગી,
વિલાસનો ન ભૂખ્યો, નહીં વાસનાનો રોગી;
રમણી થશો, કે સ્નેહ રાણી થશો ?—જરા.
સ્નેહ બંધનથી સ્નેહીને આમ બાંધજો;
થજો એમનાં તમે, ને એ તમારા થજો—જરા.

શુકદેવજી—

(શુકદેવજી અને ગંગામૈયાનો સંવાદ.)

—મ્હારે જન્મ નથી લેવો.
ઓ જમના મૈયા, મારે જનમ નથી લેવો.
હું તો જનમ જોગી એવો.
ઓ જમના મૈયા, મારે જનમ નથી લેવો.
—આતે તમારો જોગ કેવો ?
જનમ જોગી, આતે તમારો જોગ કેવો ?
—અક્ષય કવચ, તને આપું હો વ્હાલારે.
ના હોય ટાઢ કે પરસેવો— જનમ જોગી.
—પ્હેરવાની બાધા મ્હારે, ઓઢવાની બાધારે;
અમે ધર્યો છે જોગ એવો— ઓ જમના.
—અક્ષય પાત્ર હું, આપું છું વ્હાલારે,
જમો મીઠાઇને મેવો— જનમ જોગી.
—ખાવાની બાધા મ્હારે, પીવાની બાધારે;
મેં તો કર્યો છે નીમ એવો— ઓ ગંગામૈયા.

—વેદ ચારેનું જ્ઞાન, પામ્યો તું વ્હાલારે;
શ્રુતિ સ્મૃતિનો સાર લેવો— જનમ જોગી.
—શ્રુતિ ને સ્મૃતિ મ્હારે નામ હરિનુંરે,
હું તો જનમ જોગી એવો— સરસ્વતિ મૈયા.

શુકદેવજી—

(શુકદેવજી સંસાર તજે છે તેની માતા ના કહે છે)

ના ના ન્હાનડીયા જાયા (૨)
નહી જાવા દઉં લાડકવાયા ! ના. ના.
હજી તું છે નાનો બાળ,
તારે નથી તપનો આ કાળ,
નહીં જાવા દઉં લાડકવાયા ના ના.
બાર વર્ષ મેં ઉદરે રાખી,
વૃથા વહ્યો શું ભાર ?
નહીં જાવા દઉં નયન સલુણા (૨)
આત્મ તણા આધારરે— ના ના.

શુકદેવજી—

(વારાંગનાઓ શુકદેવનું તપ છોડાવા જાય છે)

સાંવરીયાને જોગ લીયો, અબ કીસ બીધ પાસમેં જાઉં–સાં૦
ગોરસ મટકીમે મહી જમાવું, ગ્વાલન બનકે મેં જાઉં–સાં૦
ફુલનકી ફુલ છાબ બનાઉં, માલન બનકે મેં જાઉં–સાં૦
ગોરે ગોરે અંગપે ભભુત લગાવું, જોગન બનકે મેં જાઉં–સાં૦

શુકદેવજી—

નથી આ બોલ જરા ખોટો,
એ બાલ મુની, નથી આ બોલ જરા ખોટો;
વૈકુંઠ માંહી વિષ્ણુ ને લક્ષ્મી,
બ્રહ્મા સાવિત્રીનો જોટો;
માયા મહેશ્વર જુદાં નથી,
છે મહિમા માયાનો મોટો.... .... એ બાલ.
—ભલા ભલાએ ભુલ ખાધી સંસારમાં,
ચાખ્યો માયાનો સોટો;
શાને તમે બ્રહ્મચારી રહ્યા ?
કહો શાને તમે બ્રહ્મચારી રહ્યા ?
આતો પકડયો અમારો ટોટો.... .... એ બાલ.

શુકદેવજી—

સુત સપુત પાછા વળો, સુણો હીતનીરે વાત.
શાને ઘેલા થઈ ઘર તજો ? તજો માતને તાત—સુત.
—પુજ્ય પિતાજી પાછા વળો, જાણી હીતની મેં વાત,
કોણુ પીતા કોણુ પુત્ર છે, કોણુ માતને તાત—પુજ્ય.
—માતા તમારી રૂદન કરે, નાખી નાંખી નીશ્વાસ,
દ્યો કૈં આશ્વાસન તેહને, કરો શાને નિરાશ.
—લક્ષચોરાશીમાં હું ફર્યો, બન્યો સઘળે નિરાશ.
અવતાર ધરીયા અનેક મેં, પુરૂં કોની હું આશ—પુજ્ય.

શુકદેવજી—

મોરલા મઢાવું, ચાંચ ત્હારી સોનાથી;
કૈંક ટૌકા કરીને, જોગીરાજને જગાડ,
જોગીરાજને જગાડ, વીરા માનું તારો પાડ....મોરલા.
વર્ષાના વિલાસી, તપોવન વાસી,
કલાધાર કલા તું તારી દેખાડ (૨)....   મોરલા.

શુકદેવજી—

ભગા તારૂં ભાગ્ય ખુલ્યું;
તારૂં ભાગ્ય ખુલ્યું હવે ભલો જડયો છે ઉપાય.—ભગા.
આંખોની વચ્ચે નાક નડે તેથી,
પરભુ ન દેખાય....
આ નાક વચ્ચેથી જાય.
પછી ભગવાનનાં દર્શન થાય;
મારા જેવા હોને કરૂં તો પુછયાની ખો ભુલી જાય.—ભગા.

શુકદેવજી—

ક્ષમા એજ ભુષણ શુરવીરનું,
ક્ષમા ભુષણ છે શાણાનું;
દયા એજ ડહાપણનું ઘર છે,
હિંસા એજ દિવાનાનું....   ...   .જુઓ.
વિદ્વાનોનું ભુષણ વાણી,
સાધુ લે સાધુતા જાણી;
ક્રોધ કર્મ છે બહુ નઠારૂં
હોય રંક કે રાણાનું....   ....જુઓ.

શુકદેવજી—

સુખ દુઃખ મનનાં કારણ સજની,
મન પર સૌ આધાર;
જેનું મન જેથી માન્યું, તેમાં સુખ તેને સાર....સુખ.
યોગી છે યોગે રાજી, (૨)
ભોગી ઉપભોગે રાજી, (૨)
રાજી વનવાસી વન મોઝાર
સજની રાજી વનવાસી વન મોઝાર.... સજની.
ડહેલે ઘરબારી રાજી, (૨)
મ્હેલે દરબારી રાજી, (૨)
રાજી જેનો જેવો અધીકાર;
સજની રાજી જેનો જેવો અધિકાર.... સજની.

શુકદેવજી—

સુખીયા જન મનથી,
સુખીયો સંસાર છેજી;
દુઃખીયાને દુઃખ પરમાણે,
દુઃખીયો વ્હેવાર છેજી;
રોગીનું દુઃખ નિરોગી,
ભુખનું નવ જાણે ભોગી;
અનુભવથી જાણે, કેવો સંસારે સાર છેજી.—સુખીયા.

સમાપ્ત.

સુરત, બરાનપુરી ભાગળ, ઉપર આવેલા શ્રી "મોઢેશ્વર" પ્રિન્ટીંગ પ્રેસમાં મણીલાલ ભગવાનદાસે છાપી.